
# બે સખી




—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-(સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન
જૈન શાસ્ત્રમાળા પુષ્પ- ૨૪૭

ॐ

नमः सद्गुरवे।

# બે સખી

: લેખક :

બ્ર. હરિભાઈ જૈન

ચિદાનંદ.

卐

: પ્રકાશક :

**શ્રી દિગમ્બર જૈન**
**સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

website : www.kanjiswami. org
E mail : contact@kanjiswami.org

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રથમાવૃત્તિ : પ્રત : ૧૦૦૦ ઈ.સ. ૨૦૧૫

બે સખી (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

અ.સૌ. મંજુલાબેન રમેશચંદ્ર શાહ
હસ્તે કિરણબેન, મયુરીબેન, જયશ્રીબેન, કલ્પનાબેન
તથા હેમાબેન—સુરેન્દ્રનગર

ૐ


કિંમત ૧૦=૦૦

સહજ ચિદાનંદ.

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# પ્રકાશકીય નિવેદન

બે સખી કથાની (ગુજરાતી) આ પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં ઘણો જ હર્ષ થાય છે.

ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી પ્રવાહિત અને કુંદકુંદાદિ આચાર્ય પ્રણિત ગંભીર વચનોનું હાર્દ સમજાવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં આત્મસાધનાથી સુવર્ણપુરી પવિત્ર તીર્થધામ બની ગયું છે.

સતી અંજનાની આ કથા ઘણી વૈરાગ્યપ્રેરક છે. પૂજ્ય ગુરુદેવશ્રીને આ કથા ઘણી પ્રિય હતી. જ્યારે જ્યારે પુરાણમાં તેઓ આ કથા વાંચતા ત્યારે તેમની આંખોમાં આંસુ આવી જતા. આ કથાના વાંચન વખતે તેઓશ્રી કહેતાં હતા કે “ધર્માત્મા ઉપરનું દુઃખ હું જોઈ ન શકું.” પ્રવચનમાં પણ તેઓ ગદ્‌ગદ્‌વાણીથી અનેકવાર અંજનાસતીનું ઉદાહરણ આપતા ત્યારે સભાજનો વૈરાગ્યરસમાં મશગૂલ થઈ જતા હતા.

અંજનીનું જીવન ઘણું વૈરાગ્ય અને ધૈર્યપ્રેરક છે. કોઈપણ પ્રકારના પ્રસંગથી હતાશ થયેલા જીવને એની કથા ઉત્સાહિત કરે છે અને તેને ધર્મ આરાધનામાં દઢતા કરાવે છે....તેમાંયે, વનવાસ વખતે ગૂફામાં અંજના સતીને મુનિરાજના દર્શનનો જે પ્રસંગ મુમુક્ષુઓના રોમ-રોમ ઉલ્લસાવી દે છે....ત્યારે જીવનની હતાશા ખંખારાઈ જાય છે.....સંસારના સર્વ દુઃખો ભૂલાઈ જાય છે...તેને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સંસારમાં સાચું શરણું તો દેવ-ગુરુ-ધર્મનું જ છે એ વાતનું સાક્ષાત્ ચિત્ર ખડું થાય છે.

બાળકોમાં કે મોટામાં સૌમાં ઉત્તમ સંસ્કાર અત્યંત સહેલાઈથી રેડવા માટે સાધન હોય તો 'વાર્તા' છે, વાર્તાના રસ દ્વારા વીતરાગરસના સંસ્કારોનું સિંચન કરવાનો આ પુસ્તક દ્વારા પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તકનું સુંદર લેખન બ્ર. હરિભાઈ જૈન કે જેમણે ઘણી વાર્તાઓની ચોપડીઓ લખી છે તેમણે કરેલ છે. તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે. આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય સ્મૃતિ ઑફસેટના માલિક શ્રી નિલયભાઈ જૈને કરી આપેલ છે તે બદલ ટ્રસ્ટ તેનો આભાર માને છે.

વિશ્વાસ છે કે આ પુસ્તક દ્વારા બાળકો તથા મોટાઓ આનું વાંચન કરી આત્મહિત માટે આગળ વધશે.


શ્રુતપંચમી
તા. ૯-૬-૨૦૧૬

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

ૐ

|| નમઃ શ્રી મુનિસુવ્રતનાથ ||

# બે સખી



## ૧ : પ્રીતિ અને અપ્રીતિ

શ્રી મુનિસુવ્રત ભગવાનનું તીર્થ ચાલતું હતું. તે વખતની આ કથા છે. અનંતવીર્ય કેવળી પાસે ધર્મોપદેશ સાંભળીને હનુમાનજી, વિભિષણ વગેરેએ વ્રત ધારણ કર્યા. હનુમાનજીનું સમ્યક્ત્વ તથા શીલ ખાસ પ્રશંસનીય છે. હનુમાનજીની પ્રશંસા સાંભળીને શ્રેણિક રાજા પૂછે છે કે હે પ્રભો! તે કોના પુત્ર? અને ક્યાં ઊપજ્યા?—ત્યારે, સત્પુરુષોની કથાથી જેને પ્રમોદ ઊપજ્યો છે એવા ઇન્દ્રભૂતિ—ગૌતમસ્વામી આહ્લાદકારી વચન દ્વારા તે કથા કહે છે.

ભરતક્ષેત્રની દક્ષિણ દિશામાં મહેન્દ્ર નામના વિદ્યાધર રાજાએ મહેન્દ્રપુર નગર વસાવ્યું. રાજા મહેન્દ્રને હૃદયવેગા રાણી અને અરિન્દમ વગેરે ૧૦૦ કુમારો તથા અંજની નામની મહા ગુણવંતી કુંવરી હતી.

એકવાર રાજકુમારી અંજનીની નવયૌવન અવસ્થા દેખીને તેના પિતાને તેના વિવાહની ચિંતા ઊપજી. જેમ સુલોચનાને દેખીને રાજા અકંપનને ચિંતા ઉપજી હતી. તેમ અંજનીને દેખીને રાજા મહેન્દ્રને ચિંતા ઉપજી, અને મંત્રીઓને બોલાવીને પૂછ્યું કે આ કન્યા કોને પરણાવવી યોગ્ય છે? કોઈએ રાવણનું નામ દીધું, કોઈએ ઈન્દ્રજીત, મેઘનાદ વગેરેનું નામ આપ્યું; ધન્યમંત્રી કહેવા લાગ્યા—હે રાજન્! દક્ષિણશ્રેણીમાં કનકપુર નગરના રાજા હિરણ્યપ્રભ તથા રાણી સુમનાનો પુત્ર સૌદામિનીપ્રભ (વિદ્યુત્પ્રભ) છે, તે મહા યશવંત-ગુણવંત છે, તથા સર્વ વિદ્યાધરો ભેગા થઈને લડે તોપણ તેને જીતી ન શકે એવો પરાક્રમી છે, માટે તેને પુત્રી પરણાવો.

—એ વાત સાંભળીને સંદેહપરાગ નામના મંત્રી માથું ધુણાવીને આંખ મીંચીને કહેવા લાગ્યા કે—જો કે વિદ્યુત્પ્રભ મહા ભવ્ય છે, તેને નિરંતર એવો વિચાર રહે છે કે આ સંસાર અનિત્ય છે, તેથી તે વૈરાગ્ય ધારણ કરશે; તે વિષયાભિલાષી નથી, ભોગરૂપ ગજ-બંધનને તોડીને તે ગૃહસ્થપણાનો ત્યાગ કરશે અને બાહ્ય અભ્યંતર પરિગ્રહ

રહિત થઈને કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામશે. તેથી તેની સાથે કન્યા પરણાવતાં કન્યા પતિ વગરની થઈ જાય અને શોભા ન પામે; માટે તેની સાથે કન્યાનો સંબંધ ઉચિત નથી. પણ ભરતક્ષેત્રના વિજયાર્દ્ધ પર્વતની દક્ષિણશ્રેણીમાં આદિત્યપુર નગર છે, ત્યાંના રાજા પ્રહલાદ અને રાણી કેતુમતીને વાયુકુમાર (અર્થાત્ પવનંજયકુમાર) નામનો પુત્ર છે, તે મહા પરાક્રમી, રૂપવાન, શીલવાન અને ગુણવાન છે, તેથી કન્યાને માટે તે બધી રીતે યોગ્ય છે—આ વાત સાંભળીને બધાને હર્ષ થયો.



વસંતઋતુ અને ફાગણ માસની અષ્ટાહ્નિકા આવી....આ સુદ અષ્ટમીથી પૂર્ણિમા સુધીના અષ્ટાહ્નિકાના દિવસો મહામંગલરૂપ છે. આ દિવસોમાં ઈન્દ્ર વગેરે દેવો નંદીશ્વર દ્વીપે શાશ્વત રત્નમય જિન પ્રતિમાના પૂજન માટે

ગયા, અને વિદ્યાધર-મનુષ્યો પૂજન-સામગ્રી લઈને કૈલાસ પર ગયા. શ્રી ઋષભદેવપ્રભુના નિર્વાણ-કલ્યાણકથી તે પર્વત પૂજનીક છે. અંજની સહિત તેના પિતા મહેન્દ્રરાજા પણ ત્યાં આવ્યા, અને ભાવપૂર્વક ભગવાનની પૂજા-સ્તુતિ-વંદના કરીને એક સુવર્ણશિલા ઉપર બેઠા હતા.

કુમાર પવનંજય તથા તેના પિતા પ્રહલાદરાજા પણ ભરત ચક્રવર્તીના કરાવેલા રત્નમય જિનમંદિરોની વંદના માટે કૈલાસ આવેલા, અને વંદન પૂજન કરીને ફરતા હતા ત્યાં રાજા મહેન્દ્રની નજર તેમના પર પડી. રાજા મહેન્દ્રે પ્રસન્નતાપૂર્વક તેને કહ્યું કે મારી કન્યા અંજનીને આપના પુત્ર પવનકુમાર સાથે પરણાવવાનો વિચાર છે. રાજા પ્રહલાદે પણ સ્નેહથી કહ્યું કે મારા પુત્રના મહાભાગ્ય! તમારી વાત પ્રમાણ છે, એ પ્રમાણે પવનકુમાર અને અંજનીનો સંબંધ નક્કી થતાં, ત્યાં માનસરોવરના કિનારે જ વિવાહ કરવાનું નક્કી થયું અને ત્રણ દિવસના લગ્ન સ્થપાયા.

* * *

અંજનીના રૂપની અદ્ભુતતા સાંભળીને પવનકુમારને તરત જ તેને દેખવાની ઈચ્છા થઈ. ત્રણ દિવસ તેનાથી રહી ન શકાયું; ક્યારે અંજનીને દેખું! એવી ચિંતા થઈ, અને પોતાના પ્રહસ્ત નામના મિત્રને વાત કરી : હે સખા! તારા વિના આ વાત કોને કહું? જેમ બાળક પોતાનું દુઃખ માતાને કહે, શિષ્ય ગુરુને કહે, કિસાન રાજાને કહે, રોગી વૈદ્યને કહે, તેમ

બુદ્ધિમાન પોતાના મિત્રને કહે છે; તેથી મારા મનની હું તને કહું છું;—"રાજા મહેન્દ્રની પુત્રી (અંજની)ને દેખ્યા વગર મારું મન સ્થિર થવાનું નથી." પ્રહસ્ત હસ્યો.....રાત પડતાં બંને મિત્રો વિમાનમાં બેસીને આકાશમાર્ગે અંજનીના મહેલે આવ્યા ને ઝરૂખામાં છૂપાઈને અંજનીનું રૂપ-લાવણ્ય દેખતાં પવનકુમારને પ્રસન્નતા થઈ.

તે વખતે સાત માળના મહેલમાં અંજની પોતાની સખીઓ સાથે બેઠી હતી; તેમાં વસંતમાલા નામની મહાબુદ્ધિમતી સખી અંજનીને કહેવા લાગી કે હે સખી! તું ધન્ય છે કે તારા પિતાએ તને પવનકુમારને દીધી.... પવનકુમાર મહાપ્રતાપી છે. એ સાંભળીને પવનકુમારને પણ આનંદ થયો.... ત્યાં તો મિશ્રકેશી નામની બીજી સખી માથું ધૂણાવીને કહેવા લાગી કે 'અરે, તારું મહા અજ્ઞાન છે કે તું પવનજય સાથેનો સંબંધ વખાણે છે! જો વિદ્યુત્પ્રભ સાથે સંબંધ થયો હોત તે શ્રેષ્ઠ હતો. હે વસંતમાલા! વિદ્યુત્પ્રભ અને પવનજયમાં તો સમુદ્ર અને ખાબોચિયા જેટલો ભેદ છે; પહેલાં તો બધાનો વિચાર વિદ્યુત્પ્રભને જ આ કન્યા દેવાનો હતો, પણ ત્યાં કન્યાના પિતાએ સાંભળ્યું કે તે થોડા જ વખતમાં મુનિ થઈ જશે! તેથી તેની સાથે સંબંધ ન કર્યો. પણ એ ઠીક ન કર્યું. વિદ્યુત્પ્રભ જેવાનો સંયોગ તો એક ક્ષણ પણ ભલો, અને બીજા ક્ષુદ્રપુરુષનો સંયોગ ઘણોકાળ રહે તોપણ શું કામનો?—તેની આ વાત સાંભળતાં પવનજય એકદમ ક્રોધિત થઈ ગયો....

અને ''આ અંજનીને મારા ઉપર સ્નેહ નથી પણ વિદ્યુત્પ્રભ ઉપર સ્નેહ છે; તેને મારી નિંદા સુહાવે છે, તેથી આ દાસી આવા નિંદ્યવચન કહે છે છતાં તે સાંભળે છે''—આમ વિચારીને તેને શિક્ષા કરવા તલવાર કાઢી. પણ તરત પ્રહસ્ત મિત્રે તેને અયોગ્ય કાર્ય કરતાં રોક્યો, અને કહ્યું કે આપણે જેમ ગુપ્તપણે આવ્યા છીએ તેમ ગુપ્તપણે ચાલ્યા જઈએ. આથી પવનંજયકુમાર રોષપૂર્વક પોતાના સ્થાને પાછો આવ્યો, પણ તેનું ચિત્ત અંજના પ્રત્યેથી તદ્દન ઊઠી ગયું ને તેને દૂરથી જ છોડી દેવાનો વિચાર કર્યો.

(જુઓ, વિભાવની વિચિત્રતા! થોડા વખત પહેલાં તો જેને દેખ્યા વગર ક્ષણ પણ રહી શકાતું ન હતું તેનાથી એકદમ ઉદાસીનતા થઈ ગઈ કે તેનું મોઢું જોવું પણ નથી ગમતુ. — રે સંસાર !!)

પોતાના સ્થાને આવ્યા પછી કુમારે પ્રહસ્ત મિત્રને કહ્યું કે—આપણા સ્થાનથી અંજનીનું સ્થાન નજીક છે, તેથી અહીં નથી રહેવું; તેને સ્પર્શીને પવન આવે છે તે મને નથી ગમતો. માટે ચાલો આપણે અહીંથી ચાલ્યા જઈએ, ઢીલ કરવી ઉચિત નથી. કુમારની આજ્ઞા થતાં જ સેનાએ પ્રયાણની તૈયારી કરી. હાથી-ઘોડા-રથ-પાયદળ વગેરે સેનાનો કોલાહલ થયો. અંજનીનું નિવાસસ્થાન નજીકમાં જ હતું. કુમારની સેનાના પ્રયાણનો કોલાહલ સાંભળતાં તેના મનમાં વજ્રઘાત જેવું દુઃખ થયું : હાય! શું કરું? હવે શું થશે? મારો કોઈ અપરાધ

દેખાતો નથી...પણ મિશ્રકેશીએ નિંદાના વચન કહેલા, તેની કદાચ કુમારને ખબર પડી હોય! તેથી મારા પ્રાણવલ્લભ મારા ઉપર કૃપારહિત થઈ ગયા.... ને મને છોડીને ચાલ્યા જાય છે! મારા નાથ મારો પરિત્યાગ કરશે તો હું આહારનો ત્યાગ કરીને શરીર તજીશ....એમ ચિંતવન કરતાં કરતાં અંજની મૂર્છા ખાઈને પૃથ્વી પર પડી.

આ બાજુ પવનંજયની સેનાના લોકો એકાએક કૂચનો હુકમ સાંભળતાં આશ્ચર્યમાં પડી ગયા....કે આ શું! વિના કારણ કૂચ કેમ? કોઈ કહે કે એનું નામ 'પવનજય' છે તેથી તેનું ચિત્ત પણ પવન જેવું ચંચળ છે.

અંજનીના પિતા રાજા મહેન્દ્રને કુમારના પ્રયાણની ખબર પડતાં તરત તે પોતાના બંધુજનો સહિત રાજા પ્રહલાદ પાસે આવ્યો. પ્રહ્લાદ અને મહેન્દ્ર બંનેએ ભેગા મળીને પવનકુમારને સમજાવ્યો કે હે શૂરવીર! કૂચથી પાછા ફરો, ને અમારા બંનેના મનવાંછિતની સિદ્ધિ કરો....ગુરુજનોની આજ્ઞા સત્પુરુષોને આનંદનું કારણ છે, માટે અમારી વાત માની જાઓ—એમ કહીને પ્રેમપૂર્વક તેનો હાથ પકડી લીધો. ત્યારે કુમાર પણ વિનયથી નમ્રીભૂત થઈ ગયો; અને ગુરુજનોની ગુરુતા ઉલ્લંઘવા અસમર્થ થઈ ગયો, તેથી તેમની આજ્ઞાથી પાછો ફર્યો—પણ મનમાં એમ વિચાર્યું કે એને પરણીને છોડી દઈશ.

રાજકુમાર પાછો ફરવાથી અંજની હર્ષથી રોમાંચિત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થઈ. લગ્નનો સમય થતાં માનસરોવરના કિનારે મંગળપૂર્વક વિવાહ થયા. કન્યાને તો પ્રીતિ છે, ને વરને અપ્રીતિ છે, તે આના ભાવ જાણતો નથી, વિવાહ બાદ એક મહિનો ત્યાં પરમ ઉત્સવપૂર્વક રહ્યા, ને પછી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

અહીં ગણધરદેવ કહે છે કે હે શ્રેણિક! જે વસ્તુના સ્વરૂપને નથી જાણતો અને વગર સમજ્યે પારકા દોષ ગ્રહણ કરે છે તે મૂર્ખ છે; અને બીજાના દોષ પોતાના ઉપર આવી પડે તો તે પાપકર્મનું ફળ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## ૨ : વિયોગ અને સંયોગ

પવનજયકુમારે અંજનીસુંદરીને પરણીને એવી છોડી દીધી કે ક્યારેય વાત પણ ન કરે, તે સુંદરી, પતિના અબોલડાથી અને કૃપાદષ્ટિએ ન દેખવાથી પરમ દુ:ખી થતી; રાત્રે નિદ્રા પણ ન લેતી, આંખમાંથી નિરંતર આંસુ ઝરતા, શરીર મલિન થઈ ગયું; પતિ પ્રત્યે ઘણો સ્નેહ, પતિનું નામ આવે તે પણ પ્રિય લાગે; પતિનું રૂપ તો વિવાહ વખતે વેદીમાં દેખ્યું હતું, તેનું મનમાં ચિંતન કરે, નિશ્ચલ નયને સર્વ ચેષ્ટા રહિત બેસી રહે; મનમાં પતિનું રૂપ ચિંતવીને બહારમાં પણ તેના દર્શન કરવા ચાહે, પણ દર્શન ન થાય એટલે શોકથી બેસી રહે. ચિત્રપટમાં પતિનું ચિત્ર આલેખવાનો ઉદ્યમ કરે પણ હાથ ધ્રૂજે અને કલમ પડી જાય. સમસ્ત અંગ દુર્બળ થઈ ગયા છે, આભૂષણ ઢીલા પડી ગયા છે, દીર્ઘ નિસાસાથી વદન કરમાઈ ગયું છે, શરીરના વસ્ત્રાભૂષણ પણ ભારરૂપ લાગે છે, પોતાના અશુભકર્મને નિંદતી વારંવાર માતા-પિતાને યાદ કરે છે. હૃદય શૂન્ય થઈ ગયું છે, દુ:ખથી શરીર ક્ષીણ થઈ ગયું છે ને વારંવાર મૂર્છા આવી જાય છે, ચેષ્ટારહિત થઈ જાય છે. રોઈ રોઈને કંઠ રૂંધાઈ ગયો છે, દુ:ખથી વચન નીકળે છે; વિહ્વળ થઈને પૂર્વોપાર્જિત દૈવનો ઓરતો કરે છે, ચંદ્રમાનાં કિરણો પણ દાહરૂપ લાગે છે, મહેલમાં ચાલતાં ચાલતાં મૂર્છા ખાઈને પડી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જાય છે; વિકલ્પની મારી એવા વિચાર કરીને મનમાં ને મનમાં જ પતિને કહે છે કે હે નાથ! મારા હૃદયમાં આપ નિરંતર બિરાજો છો, છતાં મને કેમ આતાપ કરો છો? મેં આપનો કાંઈ અપરાધ કર્યો નથી; વિના કારણ મારા ઉપર કોપ કાં કરો! હવે પ્રસન્ન થાઓ. હું આપની ભક્ત છું. મારા ચિત્તના વિષાદને હરો. જેમ અંદરમાં દર્શન આપો છો તેમ બહારમાં પણ આપો, હું આપને હાથ જોડીને વિનંતિ કરું છું. આપની કૃપા વિના મારી શોભા નથી—એ પ્રમાણે ચિત્તમાં રહેલા પોતાના પતિને વારંવાર આજીજી કરે છે અને આંખમાંથી મોતીના દાણા જેવા આંસુ ખરે છે. સખીજનો અનેક પ્રકારની સામગ્રી લાવે છે પણ આને કાંઈ સુહાવતું નથી, પતિ-વિયોગથી ચક્રની જેમ મન ભ્રમિત થઈ ગયું છે, સ્નાન કરતી નથી, કેશ ગૂંથતી નથી; સર્વ ક્રિયામાં જડ જેવી હોવાથી જાણે કે પૃથ્વી હોય, નિરંતર અશ્રુપ્રવાહ વરસતો હોવાથી જાણે કે જલરૂપ હોય, હૃદયના દાહને લીધે જાણે કે અગ્નિરૂપ હોય, નિશ્ચલ ચિત્તથી જાણે કે વાયુરૂપ હોય, અને ચિત્તની શૂન્યતાથી જાણે કે ગગનરૂપ હોય! મોહને લીધે જ્ઞાન પણ આચ્છાદિત થઈ ગયું છે, સર્વ અંગ એવા શિથિલ થઈ ગયા છે કે બેસી ન શકે, બેસે તો ઊઠી ન શકે, ઊઠે તો શરીરને થંભાવી ન શકે, સખીજનનો હાથ પકડીને ચાલે ત્યાં પગ ડગી જાય. ચતુર સખીઓની સાથે બોલવાની ઈચ્છા કરે પણ બોલી ન શકે, પક્ષીઓ સાથે કલોલ કરવા ચાહે પણ કરી ન શકે. એ બિચારી બધાયથી ન્યારી સૂનમૂન બેસી રહે. એનું ચિત્ત અને નેત્રો પતિમાં જ લાગેલાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે. નિષ્કારણ પતિથી તરછોડાઈ ગઈ, તેથી એકેક દિવસ એક વરસ જેવો જાય છે. એની આવી હાલત દેખીને બધો પરિવાર વ્યાકુળ થઈને એમ ચિંતવે છે કે અરેરે, આવું દુઃખ આને કેમ થયું? આ કોઈ પૂર્વોપાર્જિત પાપકર્મનો ઉદય છે; પાછલા જન્મમાં આણે કોઈ દેવ-ગુરુની વિરાધના કરી હશે! વાયુકુમાર તો નિમિત્તમાત્ર છે. આ બાળી-ભોળીને પરણીને તરત જ કેમ તજી દીધી? એણે પિતાના ઘરે રંચમાત્ર દુઃખ દેખ્યુંનથી, અને અત્યારે દુઃખના ભારને પામી છે. એવી સખીઓ વિચારે છે કે અમે શું ઉપાય કરીએ!! અમે ભાગ્યહીન છીએ, આ કાર્ય અમારાથી યત્નસાધ્ય નથી, આ તો કોઈ અશુભકર્મની ચાલ છે. હવે એવો શુભદિવસ ક્યારે આવે કે એનો પ્રીતમ એને કૃપાદૃષ્ટિથી દેખે, મિષ્ટવચન બોલે અને એને પાસે લઈને બેસે!—એવી સૌને અભિલાષા છે.

આવી દશામાં વારંવાર શ્રી દેવ-ગુરુને યાદ કરતી કરતી અંજની ઝૂરી ઝૂરીને દિવસો વીતાવે છે....તેની પ્રિય સખી વસંતમાલા હરકોઈ પ્રકારે તેના ચિત્તને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરે છે. કોઈવાર અંતરના અનુભવની ને સમ્યગ્દર્શનની સૂક્ષ્મ ચર્ચા કરે છે, તો કોઈ વાર દેવ-ગુરુની ભક્તિ કરે છે, ને કોઈવાર સંતોનું સ્મરણ કરીને તેમની વૈરાગ્ય ભરેલી કથાઓ કરે છે..... અને એટલો વખત અંજનીની વેદના હળવી થઈ જાય છે.—આમ સખી સહિત અંજનીના દિવસો વીતી રહ્યા છે.

* * *

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## ૨૨ વર્ષો બાદ ......

જે વખતની આ કથા ચાલે છે તે વખતે અનેક રાજાઓ ઉપર મહારાજા રાવણની આજ્ઞા ચાલતી હતી. પરંતુ વરુણ રાજાએ રાવણની આજ્ઞા ન માની અને કહ્યું કે રાવણને દેવાધિષ્ઠિત રત્નો (–શસ્ત્રો વગેરે)નો ગર્વ છે, પણ હું તેને ગર્વરહિત કરી નાંખીશ. આ વાત સાંભળીને કોપિત થઈને રાવણે પ્રતિજ્ઞા કરી કે હું તેને દેવાધિષ્ઠિત રત્નો વગર જ જીતી લઈશ. અને જીતવા માટે અનેક રાજાઓને પોતાની મદદે બોલાવ્યા. પવનકુમારના પિતા રાજા પ્રહ્લાદ ઉપર પણ એક પત્ર મોકલ્યો, તેમાં લખ્યું હતું કે "સમુદ્રની વચ્ચે દ્વીપમાં પાતાલનગરમાં નિવાસ કરનાર રાજા વરુણને જીતવા અમે ચઢાઈ કરી છે, પરંતુ યુદ્ધમાં વરુણના પુત્રોએ અમારા બનેવી ખરદૂષણને પકડી લીધા છે, તો તેને છોડાવવા માટે તથા યુદ્ધમાં જીતવા માટે તમે તરત જ આવો." પત્ર દ્વારા આજ્ઞા મળતાં તરત જ સ્વામીભક્ત રાજા પ્રહ્લાદ રાવણ પાસે જવા તૈયાર થયા. તે દેખીને પવનંજયકુમારે કહ્યું કે પિતાજી! આપ રહેવા દ્યો, મને આજ્ઞા આપો, હું વરુણને જીતી લઈશ. એ પ્રમાણે માતા-પિતાની આજ્ઞા લઈને, તથા પરિવારના બધા લોકોને સ્નેહપૂર્વક ધૈર્ય બંધાવીને, અને ભગવાન અરિહંત-સિદ્ધને નમસ્કાર કરીને કુમારે વિદાય લીધી....

.....તે વખતે અંજની સુંદરી આંસુભીની આંખે દરવાજાના થાંભલાના ટેકે ઊભી હતી–જાણે કે થાંભલામાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કોતરેલી પૂતળી જ હોય!—તેના ઉપર નજર પડતાં તરત જ કુમારે પોતાની દૃષ્ટિ સંકોચી લીધી....અને કુપિત થઈને કહ્યું—'અરે! તારું દર્શન પણ દુઃખકર છે, તું આ સ્થાનેથી ચાલી જા....નિર્લજ્જ થઈને અહીં કેમ ઊભી છે!' પતિના આવા કર્કશ વચન પણ અંજનીને અત્યારે પ્રિય લાગ્યા.... જેમ ઘણા દિવસના તરસ્યા ચાતકને મેઘના બુંદ પ્રિય લાગે તેમ અંજનીને પતિના કર્કશ વચનો પણ અમૃત જેવાં પ્રિય લાગ્યાં. અને હાથ જોડીને ગદ્ગદ્ વાણીથી કહેવા લાગી—હે નાથ! જ્યારે આપ અહીં બિરાજતા હતા ત્યારે પણ હું વિયોગિની હતી, છતાં આપ નિકટમાં જ છો—એવી આશાથી મારા પ્રાણ જેમતેમ કરીને ટકી રહ્યા....પરંતુ હવે આપ તો દૂર પધારો છો તો હું કેમ કરીને જીવીશ? હે નાથ! પરદેશગમન પ્રસંગે આપે સ્નેહપૂર્વક, વસતીના મનુષ્યોને તો શું! પણ પશુ-પક્ષીનેય દિલાસો આપ્યો અને બધાને અમૃત વચન કહ્યા. માત્ર હું તમારી અપ્રાપ્તિથી દુઃખી છું, મારું ચિત્ત આપના ચરણારવિંદને ઝંખે છે....બીજા બધાયને આપના શ્રીમુખેથી આટલો દિલાસો આપ્યો તો મને પણ બીજાની મારફતેય કંઈક દિલાસો આપ્યો હોત તો સારું હતું! જ્યારે આપે મને તજી દીધી ત્યારે જગતમાં શરણ નથી....મરણ જ છે.

ત્યારે કુમારે મુખ સંકોચીને કોપથી કહ્યું કે 'મર!' એ સાંભળતાં જ સતી ખેદખિન્ન થઈને ધરપતી પર ગિર પડી. કુમાર તેને કુમાયા સમજીને ત્યાંથી ચાલ્યો ગયો..... અને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

લશ્કર સહિત પ્રયાણ કરતાં કરતાં તે દિવસે સાંજે માનસરોવરના કિનારે પડાવ નાંખ્યો.

* * *

વિદ્યાના પ્રભાવથી એક મોટો મહેલ બનાવીને પવનકુમાર પોતાના પ્રહસ્ત મિત્ર સહિત તેમાં બેઠા છે, અને ઝરૂખામાંથી માનસરોવરની શોભા નીહાળે છે....સરોવરના સ્વચ્છ જળમાં કમળ ખીલી રહ્યાં છે, હંસ અને ચાતક વગેરે પક્ષીઓ ક્રીડા કરી રહ્યા છે...એક ચકવો અને ચકવી પણ ક્રીડા કરતાં હતાં; ત્યાં સૂર્યાસ્ત થયો અને ચકવો ચાલ્યો ગયો. તેના વિયોગથી તપ્તાયમાન ચકવી એકલી આકુળવ્યાકુળ થવા લાગી....ચકવાને દેખવા માટે તેનાં નેત્રો અસ્તાચલ તરફ લાગી રહ્યાં છે....કમળના છિદ્રમાં વારંવાર શોધે છે....પાંખો ફફડાવીને તરફડે છે....ને નીચે પડે છે....કમળના રસનો સ્વાદ પણ તેને ઝેર જેવો લાગે છે....પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખીને ‘આ મારો પ્રિતમ છે’ એમ સમજીને આતુરતાથી તેને બોલાવે છે, પણ પ્રતિબિંબ ક્યાંથી આવે? તેથી તેની અપ્રાપ્તિથી પાછી અત્યંત શોક પામે છે; લશ્કરના માણસો તથા હાથી ઘોડાના શબ્દો સાંભળીને પોતાના વલ્લભની આશાથી ત્યાં ચિત્ત ભમાવે છે, વળી કિનારાના ઝાડ ઉપર ચડીને દશે દિશા તરફ ઝાંખી-ઝાંખીને જુવે છે, પણ ક્યાંય પોતાના પ્રીતમને ન દેખતાં પાછી જમીન ઉપર આવી પડે છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચકવીની આવી દશા ઘણી વાર સુધી નજર માંડીને પવનકુમારે દેખી....ચકવીની ઝૂરણા દેખીને તેનું ચિત્ત દયાથી ભિંજાઈ ગયું, તેને અંજની યાદ આવી...અને તે વિચારવા લાગ્યો કે—અરેરે! પ્રીતમના વિયોગથી આ ચકવી શોકાગ્નિમાં કેવી ઝૂરે છે? આ મનોહર માનસરોવર અને ચંદ્રમાની ચંદન જેવી ચાંદની પણ તે વિયોગિનીને દાવાનળ જેવા લાગે છે...તો અંજનીની શી દશા થઈ હશે? આ ચકવી પોતાના પતિનો એક રાતનો વિયોગ પણ નથી સહી શકતી, તો તે મહાસુંદરીએ બાવીસ-બાવીસ વર્ષનો વિયોગ કેમ કરીને સહ્યો હશે!! અરે, આ તે જ માનસરોવર છે અને આ તે જ સ્થાન છે કે જ્યાં અમારા વિવાહ થયા હતા. વિવાહનું સ્થાન નજરે પડતાં કુમારને વધારે શોક થયો : હાય હાય! હું કેવો ક્રૂરચિત્ત....કે મેં તે નિર્દોષને નકામી તજી દિધી! કટુવચન તો તેની દાસીએ કહ્યાં હતાં, તેણે તો કંઈ કહ્યાં ન હતાં....છતાં મેં વગર વિચાર્યે બીજાના દોષથી તેનો ત્યાગ કરી દીધો! એ નિષ્કપટ જીવને નિષ્કારણ દુઃખ આપ્યું. આટલા બધાં વર્ષો સુધી એને વિયોગમાં રાખી....હવે હું શું કરું!! પિતા પાસેથી વિદાય લઈને ઘરેથી નીકળ્યો છું તેથી હવે પાછા પણ કેમ જવાય? મોટું સંકટ આવી પડ્યું! જો એને મળ્યા વગર સંગ્રામમાં જઈશ તો મારા વિરહમાં તે જીવશે નહિ અને તેનો અભાવ થતાં મારો પણ અભાવ થશે. જગતમાં જીવન સમાન બીજું કાંઈ નથી; માટે સર્વ સંદેહનું નિવારણ કરનાર મારા પરમ મિત્ર પ્રહસ્તને આવો ઉપાય પૂછું, તે બધી બાબતમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પ્રવીણ છે; જે વિચારીને કાર્ય કરે છે તે પ્રાણી સુખ પામે છે.— આમ પવનકુમાર વિચાર કરે છે.

ત્યાં તો, કુમારને ચિંતાવાન દેખીને, તેના સુખે સુખી અને દુઃખે દુઃખી એવો પ્રહસ્ત મિત્ર પૂછવા લાગ્યો કે અરે મિત્ર! તમે કેમ ચિંતામાં છો? તમે રાવણને મદદ કરવા અને વરુણ જેવા યોદ્ધા સામે લડવા જાવ છો ત્યારે અતિ પ્રસન્નતા હોવી જોઈએ, તો જ કાર્યની સિદ્ધિ થાય. એને બદલે આજ તમારું વદનકમળ કેમ કરમાઈ ગયું છે? લજ્જા છોડીને જે હોય તે કહો. તમને ચિંતાવાન દેખીને મને વ્યાકુળતા થાય છે.

પવનકુમારે કહ્યું : હે મિત્ર! એ વાત કોઈને કહેવાય એવી નથી. મારા હૃદયની સર્વ વાત કહેવાનું સ્થાન એક તું જ છો, તારાથી મારે અંતર નથી; પણ આ વાત કહેતાં મને બહુ લજ્જા આવે છે.

પ્રહસ્ત કહે છે કે હે કુમાર! તમારા ચિત્તમાં જે હોય તે કહો. તમે જે આજ્ઞા કરશો તે બીજું કોઈ નહિ જાણે. જેમ તાતા લોઢા ઉપર પડેલું જલબિંદુ વિલય પામી જાય પછી પ્રગટ ન દેખાય, તેમ મને કહેલી વાત ક્યાંય પ્રગટ નહીં થાય.

ત્યારે પવનકુમાર કહેવા લાગ્યો : હે મિત્ર! સાંભળ! મેં કદી પણ અંજનીસુંદરી સાથે પ્રીતિ ન કરી, તેથી હવે મારું મન અત્યંત વ્યાકુળ થાય છે. પરણ્યાને આટલાં વરસો વીતી ગયાં છતાં હજી સુધી તેને મારો વિયોગ રહ્યો, તે સદા શોકથી

ભરેલી અશ્રુપાત કરે છે. વિદાય વખતે તે બારણામાં ઊભી હતી અને વિરહના તાપથી તેનું મોઢું કરમાઈ ગયેલું હતું—એ દૃશ્ય અત્યારે મારા હૃદયને બાણની જેમ ભેદી નાંખે છે. માટે હે મિત્ર! એવો ઉપાય કર કે જેથી મારો અને તેનો મેળાપ થાય.—જો મેળાપ નહિ થાય તો અમારા બંનેનું મરણ થશે.

પ્રહસ્ત એક ક્ષણ વિચાર કરીને બોલ્યો—હે કુમાર! તમે માતા-પિતાની આજ્ઞા લઈને શત્રુને જીતવા નીકળ્યા છો માટે પાછા જવું ઉચિત નથી; તેમ જ અંજનીસુંદરીને આજ સુધી કદી યાદ કરી નથી તેથી તેને અહીં બોલાવતાં પણ લજ્જા આવે છે; માટે ગુપ્તપણે ત્યાં જવું અને ગુપ્તપણે જ પાછા આવવું. ત્યાં રહેવું નહીં. તેનું અવલોકન કરીને તથા સુખ-સંભાષણ કરીને આનંદપૂર્વક તરત જ પાછા આવી જવું.—આમ કરવાથી આપનું ચિત્ત નિશ્ચલ થશે અને શત્રુને જીતી શકાશે.

—એ પ્રમાણે નક્કી કરીને, કટકની રક્ષાનો ભાર સેનાપતિને સોંપ્યો, અને મેરુની વંદનાના બહાને પ્રહસ્ત તથા પવનકુમાર આકાશમાર્ગે ગુપ્તપણે અંજનીના મહેલે આવ્યા.

રાત પડી હતી.....ઝાંખો દીપક બળતો હતો.... પવનકુમાર તો બહાર ઊભો રહ્યો, ને પ્રહસ્ત ખબર દેવા માટે અંદર ગયો. અંજનીએ 'કોણ છે?'—એમ પૂછ્યું, અને સખી વસંતમાલા બાજુમાં જ સૂતી હતી તેને જગાડી. સર્વ વાતમાં નિપુણ તે સખી ઊઠીને અંજનીના ભયનું નિવારણ કરવા લાગી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રહસ્તે નમસ્કાર કરીને જ્યારે પવનંજયના આગમનની વાત કરી ત્યારે અંજનીને તે વાત સ્વપ્ન સમાન લાગી, ને ગદ્ગદ વાણીથી પ્રહસ્તને કહેવા લાગી—હે પ્રહસ્ત! હું પુણ્યહીન! પતિની કૃપાથી વર્જિત! આવો જ મારા પાપકર્મનો ઉદય આવ્યો. તું મારી હંસી કાં કર? અરેરે! પતિદ્વારા જેનો નિરાદર થાય તેની અવજ્ઞા કોણ ન કરે? હું અભાગિણી, દુઃખદશા પામી, હવે એવી સુખદશા ક્યાંથી હોય કે પ્રાણનાથ અહીં પધારે!

પ્રહસ્તે હાથ જોડીને વિનતિપૂર્વક કહ્યું : હે કલ્યાણરૂપિણી! હે પતિવ્રતા! અમારો અપરાધ ક્ષમા કરો. હવે અશુભકર્મો દૂર થયાં છે, ને તમારા પ્રેમરૂપ ગુણથી પ્રેરાઈને તમારા પ્રાણનાથ અહીં આવ્યા છે, તે તમારાથી અત્યંત પ્રસન્ન થયા છે; તેની પ્રસન્નતાથી આનંદ ન થાય એ કેમ બને?

એ વાત સાંભળીને અંજનીસુંદરી નીચું જોઈ ગઈ; અને વસંતમાળાએ પ્રહસ્તને કહ્યું કે હે ભદ્ર! મેઘ તો જ્યારે વરસે ત્યારે ભલો....કુમાર આના મહેલે પધાર્યા તે આનું મહાભાગ્ય! અમારા પુણ્યરૂપ વૃક્ષ ફળ્યાં.

આ પ્રમાણે વાતચીત થતી હતી ત્યાં તો કુમાર આવી પહોંચ્યો. તેનાં નેત્ર આનંદના આંસુથી ભરાઈ ગયાં હતાં; જાણે કે કરુણારૂપી સખી જ તેને અહીં લઈ આવી હતી. પતિને દેખતાં જ અંજની સામે ગઈ, ને હાથ જોડી, શીસ નમાવીને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પગે પડી. કુમારે પોતાના હાથેથી તેને ઉઠાડીને, સ્નેહપૂર્વક અમૃતવચનો કહ્યાં કે હે દેવી! ક્લેશનો બધો ખેદ હવે છોડી દેજો.—એમ કહીને અંજનીને બેસાડી. પ્રહસ્ત અને વસંતમાળા બહાર ચાલ્યા ગયા.

પોતાની ભૂલને કારણે લજ્જિત થઈને પવનકુમારે વારંવાર અંજનીને કુશલ-સમાચાર પૂછ્યા, અને કહ્યું કે હે પ્રિયે! મેં તમારો વૃથા અનાદર કર્યો તેની ક્ષમા કરો. મેં પરાયો દોષ તમારા ઉપર નાખ્યો, તે મારો અપરાધ ભૂલી જાઓ....મારો અપરાધ ક્ષમાવવા માટે હું તમારા પગે પડું છું; તમે મારા ઉપર અતિ પ્રસન્ન થાઓ.—આ પ્રમાણે ઘણો સ્નેહ બતાવ્યો.

ત્યારે પ્રાણનાથનો આવો સ્નેહ દેખીને મહાસતી અંજની પ્રસન્નતાપૂર્વક કહેવા લાગી : હે નાથ! મારો આવો વિનય કરવો ઉચિત નથી. મારું હૃદય તો સદા આપના ધ્યાનથી જ સંયુક્ત જ હતું તેથી આપ સદાય મારા હૃદયને વિષે બિરાજતા હતા; ને આપનો અનાદર પણ મને આદર સમાન ભાસતો. હવે તો આપે કૃપા કરીને ઘણો સ્નેહ બતાવ્યો તેથી મને પ્રસન્નતા થઈ, મારા મનોરથ સિદ્ધ થયા.

—એ પ્રમાણે બંનેએ પરસ્પર સ્નેહપૂર્વક વાતચીતથી અને સમાગમથી રાત વીતાવી.

સવાર થતાં જ પ્રહસ્તમિત્રે આવીને કુમારને કુશલ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમાચાર પૂછ્યા અને કહ્યું કે હે મિત્ર! હવે જલ્દી પાછા ચાલો; પ્રિયાજીનું વિશેષ સન્માન આવીને કરજો. અત્યારે તો કોઈ ન જાણે તેમ કટકમાં પહોંચી જવાનું છે. બીજા રાજા પણ આપણી રાહ જુએ છે કે તે આવે એટલે સાથે જઈએ; વળી મહારાજા રાવણ પણ રોજ મંત્રીઓને પૂછે છે કે પવનકુમારના ડેરા ક્યાં છે ને ક્યારે આવી પહોંચે છે? માટે હવે વિલંબ ન કરો. પ્રિયાજીની વિદાય લઈને જલ્દી આવો.—આમ કહીને પ્રહસ્ત તો બહાર ચાલ્યો ગયો.

પવનકુમારે અંજની પાસે વિદાય માંગતા સ્નેહપૂર્વક કહ્યું : હે પ્રિયે! હવે હું જાઉં છું, તમે ઉદ્વેગ ન કરશો; થોડા જ દિવસોમાં હું પાછો આવીશ, ત્યાંસુધી તમે આનંદમાં રહેજો.

ત્યારે અંજની હાથ જોડીને સંકોચપૂર્વક કહેવા લાગી કે હે સ્વામીનાથ! અત્યારે મારો ઋતુસમય છે, તેથી આપના સમાગમથી મને અવશ્ય ગર્ભ રહેશે. બધા જાણે છે કે અત્યાર સુધી મારા ઉપર આપની કૃપા ન હતી, માટે મારા હિત ખાતર માતા-પિતાને તમારા આવવાનું વૃત્તાંત કહેતા જાઓ.

પવનકુમારે કહ્યું કે હે દેવી! માતા-પિતા પાસેથી તો હું વિદાય લઈને નીકળ્યો છું તેથી હવે તેમની પાસે જઈને વાત કહેતાં મને લજ્જા આવે છે, લોકો પણ મારી ચેષ્ટા જાણીને હાંસી કરશે. પણ તમારા ગર્ભના ચિહ્ન પ્રગટ થયા પહેલાં તો હું પાછો આવી જઈશ, માટે તમે ચિત્ત પ્રસન્ન રાખજો. અને કોઈ પૂછે તો, મારા આવવાની નિશાની તરીકે આ મારા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નામની મુદ્રિકા રાખો તથા હાથના કડાં રાખો, તેથી તમને શાંતિ રહેશે—આમ કહીને મુદ્રિકા તથા કડાં આપ્યાં અને વિદાય લીધી; જતાં-જતાં વસંતમાલાને આજ્ઞા કરી કે 'એની સેવા બહુ સારી રીતે કરજો.' ત્યાંથી નીકળીને પવનકુમાર અને પ્રહસ્ત બંને વિમાનમાં બેસીને આકાશમાર્ગે માનસરોવરના કિનારે લશ્કરના પડાવ તરફ ચાલ્યા.

અહીં શ્રી ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણિક! આ લોકને વિષે ક્યારેક ઉત્તમ વસ્તુના સંયોગથી કિંચિત્ સુખ ભાસે છે તે ક્ષણભંગુર છે, તેમ જ દેહધારી જીવોને પાપના ઉદયથી દુઃખ થાય છે તે પણ ક્ષણભંગુર છે. એ પ્રમાણે સંયોગજનિત સુખ-દુઃખ બંને વિનશ્વર છે, માટે તેમાં હર્ષ-વિષાદ ન કરવો. હે પ્રાણીઓ! જીવોને નિરંતર વાસ્તવિક સુખનો દેનાર અને દુઃખરૂપ અંધકારને દૂર કરનાર એવો આ જિનધર્મ છે; આ જિનધર્મરૂપી સૂર્યના પ્રતાપ વડે મોહ-તિમિરનો નાશ કરો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## ૩ : ઘરત્યાગી....... વનવાસી



કેટલાક દિવસો બાદ સતી અંજનાને ગર્ભના ચિહ્નો પ્રગટ થયાં; મુખ એવું સફેદ થઈ ગયું—જાણે ઉદરમાં આવેલા હનુમાનનો ઉજ્જવળ યશ પ્રગટ થયો હોય! તેના લક્ષણો દ્વારા તેને ગર્ભવતી જાણીને સાસુ કેતુમતી પૂછવા લાગી કે તેં આ કાર્ય કોની સાથે કર્યું? ત્યારે અંજનીએ હાથ જોડીને પ્રણામ કરીને પતિના આગમનની સમસ્ત હકીકત કહી. પણ સાસુને વિશ્વાસ ન આવ્યો, તે ક્રોધપૂર્વક નિષ્ઠુર વચનો કહેવા લાગી : રે પાપિણી! મારો પુત્ર તો તારાથી વિરક્ત હતો, તારી છાયા પણ દેખવા ચાહતો ન હતો. તારી વાત પણ સાંભળતો ન હતો, તો માતા-પિતાની રજા લઈને રણસંગ્રામમાં વિદાય થયા પછી તે તારા મહેલે કેમ આવે? હે નિર્લજ્જ! તને પાપિણીને ધિક્કાર છે. નિંદ્ય ક્રિયા કરીને તેં ઉજ્જવળ વંશમાં કલંક લગાડ્યું. આ તારી સખી વસંતમાલાએ તને આવી બુદ્ધિ સુઝાડી.

અંજનીએ પવનકુમારની મુદ્રા અને કડાં બતાવ્યાં, તોપણ સાસુએ ન માન્યું, અને અત્યંત ક્રોધપૂર્વક એક સેવકને આજ્ઞા કરી કે આને સખી સહિત ગાડીમાં બેસાડીને મહેન્દ્રનગરની પાસે છોડી દ્યો.



ક્રૂર કેતુમતીની આજ્ઞાનુસાર તે સેવક, સખી સહિત અંજનીને ગાડીમાં બેસાડીને મહેન્દ્રનગર તરફ ચાલ્યો. અંજનીનું શરીર અતિશય કંપતું હતું, ભયને લીધે તે સાસુને કાંઈ કહી ન શકી; મહા પવનથી ઊખડી ગયેલી વેલની જેમ તે નિરાશ્રય થઈ ગઈ. દુઃખના આઘાતથી તેનું હૃદય બળતું હતું, સખી તરફ તેની નજર મંડાયેલી હતી, પોતાના અશુભકર્મોને વારંવાર નિંદતી અશ્રુપાત કરતી હતી, એનું ચિત્ત સ્થિર ન હતું. સાંજના સમયે મહેન્દ્રનગર નજીક પહોંચ્યા, ત્યારે સેવકે હાથ જોડીને અંજનીને કહ્યું—'હે દેવી! આપને અહીં છોડી દેવાની મહારાણીની આજ્ઞા છે. તેમની આજ્ઞાથી મારે આ દુઃખરૂપ કાર્ય કરવું પડ્યું છે, મને ક્ષમા કરો....' એમ કહીને અંજનીને

તથા તેની સખીને ગાડીમાંથી ઉતારીને તે ચાલ્યો ગયો.

* * *

મહા ઉત્તમ મહા પતિવ્રતા અંજનીસુંદરીના અત્યંત દુઃખને દેખીને સૂર્ય પણ ઝાંખો પડી ગયો અને અસ્ત થઈ ગયો....રોઈ-રોઈને અંજનીની આંખો લાલ થઈ જતાં પશ્ચિમ દિશા પણ લાલ રંગથી રંગાઈ ગઈ....રાત પડી, અંધકાર થયો...જાણે કે અંજનીના દુઃખથી દુઃખી થઈને પોકાર કરતાં હોય—એમ પક્ષીઓ કોલાહલ કરવા લાગ્યા. અપવાદરૂપ મહાદુઃખસાગરમાં ડૂબેલી અંજની ભૂખ-તરસને ભૂલી ગઈ, મહા ભયભીત થઈને અશ્રુપાત અને રુદન કરવા લાગી. ત્યારે તેની સખી પરમ સ્નેહપૂર્વક તેને ધૈર્ય બંધાવે છે કે હે બહેન! તું ધૈર્ય રાખ! તું આત્માને જાણનારી, તું દેવ-ગુરુની પરમ ભક્ત, તું મહાન પતિવ્રતા! તારા ઉપર આ સંકટ મારાથી જોઈ શકાતું નથી....હે સખી! તું ધૈર્ય રાખ, તું હિંમત રાખ, અલ્પકાળમાં તારા દુઃખનો અંત આવી જશે. ધર્માત્મા ઉપર સંકટ લાંબોકાળ રહી શકે નહી—એમ ધૈર્ય બંધાવીને, પલ્લવ પાથરીને અંજનીને સુવાડી, પણ એને રંચમાત્ર નિદ્રા ન આવી; દુઃખને લીધે એક રાત એક વરસ જેવડી લાગી; વસંતમાલા ક્યારેક તેના પગ દાબે, દિલાસો આપે, એ પ્રમાણે જેમતેમ કરીને રાત વીતાવી.

પ્રભાત થતાં પંચ પરમેષ્ઠીનું સ્મરણ કર્યું; અને વિહ્વળતાપૂર્વક અંજની પોતાના પિતા (—રાજા મહેન્દ્ર)ના



મહેલ તરફ ચાલી, તેની સખી પણ પડછાયાની જેમ તેની સાથે ચાલી. પિતાના મહેલના દરવાજે પહોંચ્યા.... ને જ્યાં અંદર પ્રવેશ કરવા જાય છે ત્યાં દ્વારપાળે તેને રોકી; દુઃખને લીધે તેનું રૂપ એવું થઈ ગયેલું કે દ્વારપાળ તેને ઓળખી ન શક્યો !

(રે સંસાર ! રાજકુંવરી તરીકે મહેલમાં ઊછરી, તે જ મહેલમાં જતાં આજે દરવાન તેને રોકી રહ્યો છે !! સંસારનું પુણ્ય-પાપનું ચક્ર આવું જ છે !!)

જ્યારે સખીએ બધી વાત કરી ત્યારે દ્વારપાળે દરવાજા ઉપર બીજો માણસને રાખીને પોતે અંદર જઈને રાજાને પુત્રીના આગમનની વાત કરી. તે સાંભળતાં જ રાજાએ પ્રસન્નકીર્તિ નામના પુત્રને આજ્ઞા કરી કે તમે તેની સામે જાઓ તેને જલદી નગરમાં પ્રવેશ કરાવો, ને નગરીની શોભા કરાવો. તમે આગળ જઈને તૈયારી કરાવો, હું પાછળથી આવું છું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



રાજાની આવી આજ્ઞા સાંભળતાં દ્વારપાળે હાથ જોડીને કહ્યું : મહારાજ ! અંજની એકલી જ આવી છે, તેની સાથે તેની સખી સિવાય બીજું કોઈ નથી. કોઈ જાતનો ઠાઠ-માઠ પણ નથી. તેની સાસુએ તેના ઉપર કલંક લગાડીને તેને ઘરબહાર કાઢી મૂકી છે. તે અહીં દરવાજે આવીને ઊભી છે, ને અંદર આવવા માટે આપની આજ્ઞાની રાહ જુએ છે.

પુત્રીના કલંકની વાત સાંભળતાં રાજા મહેન્દ્રને લજ્જા થઈ, અને મહાક્રોધપૂર્વક પુત્રને આજ્ઞા કરી કે એ પાપિણીને નગરની બહાર કાઢી મૂકો. એની વાત સાંભળતાં મારા કાન ફાટી જાય છે.

ત્યારે, રાજાનો અત્યંત વહાલો મહોત્સાહ નામનો સામંત કહેવા લાગ્યો—કે હે નાથ ! આવી આજ્ઞા ઉચિત નથી; વસંતમાલાને બધી હકીકત પૂછી જુઓ. આપણી અંજની કુમારી તો ઉત્તમ સંસ્કારોવાળી અને ધર્માત્મા છે. તેની સાસુ કેતુમતી અતિ ક્રૂર છે, વળી તે જૈનધર્મથી પરાઙ્મુખ છે ને નાસ્તિક મતમાં પ્રવીણ છે, તેથી તેણે વગર વિચાર્યે અંજની ઉપર જૂઠો દોષ લગાવી દીધો. અંજની તો જૈનધર્મને જાણનારી છે, શ્રાવિકાના વ્રતને ધરનારી છે ને ધર્મના આચરણમાં તત્પર છે. એની પાપિણી સાસુએ એને કાઢી મૂકી છે ને તમે પણ કાઢી મૂકો તો તે કોના શરણે જાય ? જેમ વાઘની નજરથી ત્રાસેલી મૃગલી મહા ગહન વનનું શરણ લ્યે, તેમ સાસુથી ત્રાસ પામેલી આ ભોળી-નિષ્કપટ અંજની તમારા શરણે આવી છે. અત્યારે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તે ગરીબ અને વિહ્વળ થઈ ગઈ છે, એનો આત્મા અપવાદરૂપ આતાપથી પીડાય છે, તે જો તમારા આશ્રયે શાંતિ ન પામે તો બીજે ક્યાં પામશે? દ્વારપાળે રોકવાથી તે અત્યંત લજ્જિત થઈને, મોઢું ઢાંકીને દરવાજે ઊભી-ઊભી વિલખી રહી છે. આપના સ્નેહને લીધે તે સદા આપની લાડિલી છે, અને કેતુમતીની ક્રૂરતા તો જગતમાં પ્રસિદ્ધ છે, માટે હે રાજન્! તમે દયા કરીને એ નિર્દોષ અંજનીને મહેલમાં શીઘ્ર પ્રવેશ કરાવો.


—એ પ્રમાણે મહોત્સાહ સામંતે ન્યાયરૂપ વચનોથી ઘણું કહ્યું, પણ રાજાએ કંઈપણ લક્ષમાં ન લીધું; જેમ કમળના પાન ઉપર પાણી ન રહે તેમ રાજાના ચિત્તમાં એ વાત ન બેઠી. તે સામંતને કહેવા લાગ્યો કે એની વસંતમાલા સખી તો સદા એની સાથે રહેનારી છે તેથી અંજની પ્રત્યેના સ્નેહને લીધે કદાચિત્ તે સાચી વાતન કહે, તો આપણને નિશ્ચય ક્યાંથી થઈ શકે? એના શીલને વિષે સંદેહ છે માટે તેને નગરમાંથી કાઢી મૂકો....જો આ વાત પ્રસિદ્ધ થશે તો અમારા નિર્મળ કુળમાં કલંક લાગશે. મેં આ વાત પૂર્વે અનેકવાર સાંભળી હતી કે તેના ભરતારને અપ્રિય છે, તેની સામે તેનો ભરતાર નજર પણ કરતો નથી,—તો તેનાથી ગર્ભની ઉત્પત્તિ કઈ રીતે થઈ? માટે ચોક્કસ તે દોષિત છે. જે કોઈ તેને મારા રાજયમાં રાખશે તે મારો શત્રુ છે.—આમ કહીને અત્યંત ક્રોધપૂર્વક, કોઈ ન જાણે તેમ રાજાએ તેને દરવાજેથી કાઢી મૂકી.

સખી સહિત દુઃખથી ભરેલી અંજની રાજાના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

માણસોને ત્યાં જ્યાં-જ્યાં આશ્રય લેવા ગઈ ત્યાં કોઈએ તેને આવવા ન દીધી...અંદરમાં તો દયા, પણ રાજાના ભયથી સૌએ બારણા બંધ કરી દીધાં. અરેરે! જ્યાં બાપે જ ક્રોધાયમાન થઈને મને કાઢી મૂકી ત્યાં બીજાની શી વાત !!–એ તો બધાય રાજાને આધીન છે;—આમ વિચારીને અંજની બધેયથી ઉદાસ થઈ ગઈ, અને આંસુભીની આંખે પોતાની વહાલી સખીને કહેવા લાગી : હે પ્રિય સખી! ચાલ, અહીં આપણું કોઈ નથી. આપણા સાચા માતા-પિતા ને રક્ષક તો દેવ-ગુરુ-ધર્મ છે, તેનું જ સદા શરણ છે. અહીં તો બધા પાષાણચિત્ત છે, અહીંયા આપણો વાસ કેવો !! ચાલો, આપણે વનમાં ચાલ્યા જઈએ....

**'ચલો સખી વહાં જઈએ, જહાં મુનિઓના વાસ!**
**આત્મસ્વરૂપને સાધવા, વનમાં કરીએ વાસ.'**



વાઘથી ભયભીત મૃગીની જેમ અંજની સખી સાથે વનમાં ચાલી જાય છે...ટાઢ-તડકામાં ને કાંટા-કાંકરામાં ચાલી ચાલીને થાકી ગઈ ત્યારે વનમાં બેસીને રુદન કરવા લાગી : હાય હાય! હું મંદભાગિની, પૂર્વના પાપને લીધે મહાકષ્ટ પામી.....શું કરું! કોના શરણે જાઉં! કોણ મારી રક્ષા કરે?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



માતાએ પણ મારી રક્ષા ન કરી,—એ તો એના પતિના આધીન, તેથી તે શું કરી શકે? પિતાને હું બાળપણથી જ ઘણી લાડિલી હતી, તેઓ મને ગોદમાં ખેલાવતા, તેમણે પણ વગર પારખ્યે મારો નિરાદર કરી નાંખ્યો....મારી માતાએ મને નવ માસ સુધી ગર્ભમાં ધારણ કરી ને પ્રતિપાલન કર્યું, પરંતુ અત્યારે તે પણ મને આશરો ન આપી શકી....તેના મુખથી એટલું પણ ન નીકળી શક્યું કે આના ગુણ-દોષનો નિર્ણય તો કરો. અરે! એક જ માતાના ઉદરથી ઉત્પન્ન થયેલો મારો ભાઈ, તે પણ મને દુઃખીયારીને ન રાખી શક્યો! જ્યાં માતા-પિતા અને ભ્રાતાની પણ આ હાલત, ત્યાં દૂરના કાકા-બાકા કે પ્રધાનો-સામંતો ને પ્રજાજનો શું કરી શકે? એ કોઈનો શો દોષ?—હું અત્યારે દુર્ભાગ્યના દરિયામાં પડી છું, કોણ જાણે ક્યા અશુભકર્મથી પ્રેરાઈને પ્રાણનાથ આવ્યા ને આ હાલ બન્યા! અરે! પ્રાણનાથ જતાં જતાં મને કહી ગયા હતા કે તારા ગર્ભની વૃદ્ધિ થતાં પહેલાં તો હું પાછો આવીશ, —હા નાથ! દયાવાન થઈને આપ એ વચન કેમ ભૂલી ગયા! અને સાસુએ પણ પરખ્યા વગર કેમ મારો ત્યાગ કરીઈ દીધો?—જેના શીલમાં સંદેહ હોય તેને પરખવાના તો અનેક ઉપાય છે! અરે, જ્યાં મારો ઉદય જ આવો....ત્યાં કોણ શરણ થાય?

—એ પ્રમાણે અંજની અત્યંત વિલાપ કરવા લાગી....સખીથી તેનો વિલાપ જોઈ ન શકાયો....તેનું ધૈર્ય પણ જતું રહ્યું અને અંજનીની સાથે તે પણ રુદન કરવા લાગી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અંજની અને તેની સખી અત્યંત દીનતાપૂર્વક મોટેથી એવું રુદન કરવા લાગી કે આસપાસની મૃગલીઓ પણ તેની દશા દેખીને આંસુ પાડવા લાગી!



ઘણીવાર થઈ ગઈ.... ત્યારે મહા વિચક્ષણ વસંતમાલા સખી અંજનીને છાતીએ લગાડીને કહેવા લાગી : હે સખી! હવે શાંત થા! બહુ રોવાથી શું!! તું જાણે છે કે આ જીવને સંસારમાં કોઈ શરણ નથી, માતા-પિતા પણ શરણ નથી....શ્રી સર્વજ્ઞદેવ અને નિર્ગ્રંથ ગુરુ જ સાચા માતા-પિતા છે; તારું સમ્યગ્દર્શન જ તને શરણભૂત છે, તે જ ખરું રક્ષક છે, અને આ અસાર સંસારમાં એ જ એક સારભૂત છે. માટે હે દેવી! આવા ચિંતવન વડે તું ચિત્તને સ્થિર કર. પૂર્વે ઉપાર્જેલા કર્મ અનુસાર સંયોગ-વિયોગ તો થયા જ કરશે,—તેમાં હર્ષ-

શોક શું કરવો! હજારો અપ્સરાઓ જેને નીરખતી હોય એવો સ્વર્ગનો દેવ પણ પુણ્ય પૂરાં થતાં મહા દુઃખ પામે છે....જીવ ચિંતવે છે કાંઈ ને થાય છે કાંઈ! —સંયોગ-વિયોગ એને આધીન નથી. જગતના જીવો સંયોગ-વિયોગના ઉદ્યમમાં પ્રવર્તે છે પરંતુ તે સંયોગ-વિયોગનું કારણ તો પૂર્વોપાર્જિત કર્મનો ઉદય જ છે. જે પ્રિય વસ્તુ પ્રાપ્ત થઈ હોય તે પણ અશુભકર્મના ઉદયથી ચાલી જાય, અને મનમાં કલ્પના પણ ન હોય તે આવી મળે.—આવી કર્મની વિચિત્રતા છે. પૂર્વે તેં જે કર્મો બાંધેલાં છે તેના ફળનો સંયોગ-વિયોગ ટાળ્યો નહીં ટળે. માટે હે સખી! તું વૃથા ક્લેશ ન કર....ખેદ છોડ.... અને ધૈર્યથી તારા મનને દઢ કર. તું તો મહા બુદ્ધિમતી છે, હું તને શું શીખવું!! તું શું નથી જાણતી, કે હું તને કહું! એમ કહીને બહુ જ સ્નેહપૂર્વક વસ્ત્રથી તેના આંસુ લૂછ્યા, અને તે શાંત થતાં સખી ફરીને કહેવા લાગી—હે દેવી! આ સ્થાન આશ્રય વિનાનું છે માટે ચાલો ઊઠો! આગળ જઈએ; અને આ પહાડની આસપાસમાં, હિંસક જીવો ન પ્રવેશી શકે એવી કોઈ ગૂફા હોય તો તપાસ કરીએ. તમારે પ્રસૂતિનો સમય આવે છે તેથી થોડા દિવસો સાવધાનીથી રહેવું જોઈએ.

સખીના કહેવાથી અંજની તેની સાથે કષ્ટપૂર્વક ચાલવા લાગી. એ ગહન વન હાથી અને ભીલોથી ભરેલું છે, સિંહની ગર્જના અને અજગરના ફૂંફાડાથી મહા ભયાનક છે. આવા માતંગમાલિની નામના ઘોર વનમાં અંજની પોતાની સખી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સાથે માંડમાંડ ડગલા ભરે છે. સખી તો આકાશમાર્ગે ચાલવા સમર્થ છે, પણ આ અંજની ગર્ભના ભારને લીધે સમર્થ નથી, તેથી તેના પ્રેમબંધનથી બંધાયેલી સખી પણ તેના શરીરની છાયાની માફક તેની સાથે જ ચાલે છે. ભયાનક વન દેખીને અંજની ભયથી ધ્રૂજે છે ને દિશા ભૂલી જાય છે, ત્યારે સખી તેનો હાથ પકડીને કહે છે કે અરે મારી બેન! તું ડર મા! મારી પાછળ પાછળ ચાલી આવ. ત્યારે સખીના ખભા ઉપર હાથ મૂકીને અંજની ચાલે છે.....પગમાં ડાભની અણી અને કાંટા લાગે છે તેમ તેમ અત્યંત ખેદખિન્ન થઈને વિલાપ કરે છે....મહા મહેનતે દેહને થંભાવી રાખે છે....વચ્ચે પાણીના ઝરણા આવે છે તે ઘણા કષ્ટપૂર્વક ઓળંગે છે...પાંદડું ખખડતાં પણ ત્રાસ પામે છે.... વારંવાર વિસામો લ્યે છે....ને સખી સ્નેહપૂર્વક વારંવાર ધૈર્ય બંધાવે છે....એમ કરતાં કરતાં પર્વતની નજીક આવ્યા, થોડે જ દૂર એક ગુફા હતી પણ અંજની ત્યાં સુધી ચાલી ન શકી...આંસુ સારતી ત્યાં જ બેસી ગઈ અને સખીને કહેવા લાગી : 'હે સખી! હવે તો હું થાકી ગઈ....મારામાં હવે એક પણ પગલુંય ભરવાની શક્તિ નથી....હું તો અહીં જ બેસી રહીશ, ભલે મરણ થાય.'

ત્યારે મહાપ્રવીણ સખીએ અત્યંત પ્રેમથી ભરેલા શબ્દોથી તેને શાંતિ ઉપજાવી, અને પછી નમસ્કાર કરીને કહેવા લાગી : હે દેવી! જુઓ, આ ગૂફા નજીકમાં જ છે, કૃપા કરીને અહીંથી ઊઠો અને ત્યાં સુખથી રહો. અહીં ક્રૂર જીવો વિચરે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે, ને તમારા ગર્ભની રક્ષા કરવી છે, માટે હઠ ન કરો.

સખીના વચન સાંભળીને, મહા વનના ભયને લીધે અંજની ચાલવા માટે મહા કષ્ટપૂર્વક ઊભી થઈ....સખી તેને હાથનો સહારો આપીને ગૂફાના દ્વાર સુધી લઈ ગઈ.

વગર વિચાર્યે ગૂફામાં પ્રવેશતાં ભય થાય, તેથી તે બંને સખીઓ થાકીને ત્યાં જ બેસી ગઈ, અને નજર માંડીને ગૂફામાં જોયું....**ગૂફાનું દૃશ્ય જોતાંવેંત જ બંને સખીઓ આશ્ચર્યથી થંભી ગઈ!.....શું જોયું? અહો! તેમણે જોયું કે ગૂફામાં એક મુનિરાજ ધ્યાનમાં બિરાજી રહ્યા છે. એ ચારણઋદ્ધિના ધારક છે. એમનું શરીર નિશ્ચલ થંભી ગયું છે. તેમની મુદ્રા**



**પરમ શાંત, અને સમુદ્ર જેવી ગંભીર છે, આંખો ઢળી ગયેલી છે, આત્માનું જેવું યથાર્થ સ્વરૂપ જિનશાસનમાં કહ્યું છે તેવું જ ધ્યાનમાં ધ્યાવી રહ્યા છે....પર્વત જેવા અડોલ છે,**

**આકાશ જેવા નિર્મળ છે ને પવન જેવા અસંગી છે...અપ્રમત્તભાવમાં ઝૂલી રહ્યા છે અને સિદ્ધ જેવા આત્માના આનંદને સાધી રહ્યા છે....(જુઓ ચિત્ર)**

**આવા મુનિરાજને દેખતાં જ આ બંનેના આનંદનો પાર ન રહ્યો....અહા! ધન્ય ધન્ય મુનિરાજ! એમ કહેતી હર્ષપૂર્વક તેઓ મુનિની સમીપ ગઈ....મુનિરાજની વીતરાગ મુદ્રા નીહાળતાં જીવનના સર્વ દુઃખ ભૂલાઈ ગયાં....ભક્તિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈને, હાથ જોડીને નમસ્કાર કર્યા....મુનિ જેવા પરમ બાંધવને પ્રાપ્ત થવાથી તેમનાં નેત્રો ફૂલી ગયાં.... આંસુ અટકી ગયા ને નજર મુનિના ચરણોમાં જ થંભી ગઈ...હાથ જોડીને મહા વિનયપૂર્વક સ્તુતિ કરવા લાગી**—હે ભગવાન્! હે કલ્યાણરૂપ! હે ઉત્તમ ધ્યાનના ધારક! આપ કુશળ છો ને!! હે નાથ! આપના જેવા પુરુષો તો સર્વે જીવોની કુશળતાનું કારણ છે તેથી આપનું કુશળ શું પૂછવું? હે નાથ! આપ તો સંસાર છોડીને આત્મહિત સાધી રહ્યા છો. આપ મહા પરાક્રમી છો, મહા ક્ષમાવાન છો, પરમ શાંતિધારક છો, ઉપશાંતભાવમાં ઝૂલનારા છો. મન-ઈન્દ્રિયોને જીતનારા છો, આપનો વિહાર જીવોના કલ્યાણનું કારણ છે.—આમ સ્તુતિ કરીને પછી મહા વિનયપૂર્વક ત્યાં બેઠી. મુનિના દર્શનથી તેમનો સર્વ ભય દૂર થઈ ગયો.

શ્રી મુનિરાજનું ધ્યાન પૂરું થતાં બંનેએ ફરીને

નમસ્કાર કર્યા. શ્રી મુનિરાજ પરમશાંત અમૃતવચન કહેવા લાગ્યા—હે કલ્યાણરૂપિણી! અમને રત્નત્રયધર્મના પ્રતાપે કુશળ છે. હે પુત્રી! સર્વે જીવોને પોતપોતાના પૂર્વકર્મના ફળ અનુસાર સંયોગ-વિયોગ થાય છે. દેખો કર્મની વિચિત્રતા!— આ રાજા મહેન્દ્રની પુત્રી અપરાધરહિત, છતાં કુટુંબના લોકોએ તેને કાઢી મૂકી છે.

કહ્યા વગર જ સર્વ વૃત્તાંતને જાણનારા એવા તે મહાજ્ઞાની મુનિરાજને વસંતમાલાએ પૂછ્યું : હે નાથ! ક્યા કારણથી આના ભરથાર આટલા બધા દિવસ એનાથી ઉદાસ રહ્યા? અને પછી ક્યા કારણથી અનુરાગી થયા? તથા આ મહા સુખકારી વનમાં તે ક્યા કારણે દુઃખ પામી? અને ક્યો મંદભાગી જીવ એના ગર્ભમાં આવ્યો કે જેના જીવવાનો પણ સંશય થયો?

એ પ્રમાણે પૂછતાં, ત્રણ જ્ઞાનના ધારક સ્વામી અમિતગતિ સર્વ વૃત્તાંત યથાર્થ કહેવા લાગ્યા. મહાપુરુષો સહજ વૃત્તિથી પરનો ઉપકાર કરે છે. મુનિરાજ વસંતમાલાને કહે છે કે હે પુત્રી! આના ગર્ભને વિષે ઉત્તમ પુરુષ આવ્યો છે, તેથી પહેલાં તો તેનો પૂર્વભવ સાંભળ; અને ત્યારપછી અંજની પૂર્વભવમાં જે પાપનું આચરણ કરવાના કારણે આવા દુઃખ પામી—તે વાત સાંભળ.

(શ્રી મુનિરાજ હનુમાનનો પૂર્વભવ કહે છે :) જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મંદિરનગરમાં પ્રિયનંદી નામનો એક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગૃહસ્થ હતો, તેની સ્ત્રીને 'દમયન્ત' નામનો ગુણવાન પુત્ર હતો. તે વસંતઋતુમાં મિત્રોની સાથે વનમાં ક્રિડા કરવા ગયેલ. ત્યાં તેણે એક મહા મુનિ દેખ્યા,—આકાશ જેમનું વસ્ત્ર હતું, તપ જેમનું ધન હતું અને ધ્યાન-સ્વાધ્યાયમાં જેઓ ઉદ્યમી હતા; આવા મુનિને દેખતાં જ દમયન્ત પોતાની મિત્રમંડળીને છોડીને મુનિઓની મંડળીમાં ગયો; ત્યાં જઈ નમસ્કાર કરી, ધર્મનું વ્યાખ્યાન સાંભળીને સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું અને શ્રાવકના વ્રત ધારણ કર્યા, તેમ જ અનેક પ્રકારના નિયમો લીધા. એકવાર દાતાના સાત ગુણો તથા નવધા ભક્તિ સહિત સાધુઓને આહારદાન કર્યું, અને કેટલાક દિવસો પછી સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયો.

સ્વર્ગમાંથી આવીને, જંબૂદ્વીપના મૃગાંક નગરમાં હરિચંદ્ર રાજાની પ્રિયંગુલક્ષ્મી રાણીનો 'સિંહચંદ્ર' નામનો પુત્ર થયો; ત્યાં પણ સંતોની સેવા કરીને, સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયો.

ત્યાંથી આવીને, ભરતક્ષેત્રના વિજયાર્ધ પર્વત ઉપર અહનપુર નગરમાં સુકંઠ રાજાની કનકોદરી રાણીનો 'સિંહવાહન' નામનો પુત્ર થયો, તે ગુણવાન અને રૂપવાન હતો, તેણે ઘણા દિવસ સુધી રાજ્ય કર્યું અને પછી શ્રી વિમલનાથ ભગવાનના સમવસરણમાં આત્મજ્ઞાનપૂર્વક સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં, લક્ષ્મીવાહન નામના પુત્રને રાજ્ય સોંપીને, અસાર સંસારને છોડીને લક્ષ્મીતિલક મુનિના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શિષ્ય થયા, વીતરાગદેવે કહેલો મુનિધર્મ અંગીકાર કર્યો, અનિત્યાદિ બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કરીને જ્ઞાન-ચેતનારૂપ થયા, મહાન તપ કર્યું, પોતાના રત્નત્રયરૂપ નિજભાવોમાં નિશ્ચલ થયા ને જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવમાં મગ્ન થયા. તપના પ્રભાવથી તેમને અનેક ઋદ્ધિઓ પ્રગટી, એમના શરીરને સ્પર્શીને જે પવન આવે તે પણ પ્રાણીઓના અનેક રોગને મટાડી દે;—આવી અનેક ઋદ્ધિઓ હોવા છતાં પોતે નિર્જરાના હેતુથી બાવીશ પરિષહો સહતા હતા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં જ્યોતિષચક્રને ઉલ્લંઘીને લાંતવ નામના સાતમા સ્વર્ગમાં મહાન ઋદ્ધિધારક દેવ થયા. જેવું રૂપ કરવું હોય તેવું કરે અને જ્યાં જવું હોય ત્યાં જાય, તેમજ વચનથી કહી ન શકાય એવો અદ્‌ભુત સ્વર્ગનો વૈભવ,—છતાં આને તો પરમધામ—મોક્ષપદની જ ભાવના, તેથી તે સ્વર્ગના સુખમાં મગ્ન ન થયા.

તે સ્વર્ગમાંથી ચ્યવીને તે આરાધક આત્મા અહીં અંજનીની કૂંખે આવ્યો છે; તે મહા પરમસુખને પામશે, તે ચરમશરીરી છે, હવે ફરીને દેહ ધારણ નહિ કરે, આ જ ભવમાં અવિનાશી સિદ્ધિસુખને સાધશે.

—આ તો ગર્ભમાં આવેલા પુત્રનો વૃત્તાંત કહ્યો હવે હે કલ્યાણચેષ્ટાવંતી! જે કારણથી આ અંજનીને પતિનો વિરહ તથા કુટુંબ દ્વારા નિરાદર થયો તે વૃત્તાંત સાંભળ—

આ અંજનીસુંદરીએ પૂર્વભવમાં પટરાણીપદના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અભિમાનથી પોતાની શોક્ય ઉપર ક્રોધ કરીને, દેવાધિદેવ શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમા મંદિરમાંથી બહાર કાઢી હતી; તે વખતે સમયશ્રી નામના આર્યિકા તેના ઘરે આહાર માટે આવ્યા હતા, પણ શ્રીજીની મૂર્તિનો અવિનય દેખીને તેમણે પારણું ન કર્યું ને પાછા ફર્યા; તથા આને અજ્ઞાની જાણી મહા દયાપૂર્વક ઉપદેશ દેવા લાગ્યા. કેમ કે સાધુજનો સર્વેનું ભલું જ ચાહે છે, ને જીવોને સમજાવવાના નિમિત્તે વગર પૂછ્યે પણ શ્રીગુરુની આજ્ઞાથી ધર્મોપદેશ દેવામાં પ્રવર્તે છે; એ રીતે, શીલ અને સંયમરૂપ આભૂષણને ધારણ કરનારા સમયશ્રી અર્જિકા પણ મહામધુર અનુપમ વચનથી પટરાણીને કહેવા લાગ્યા કે અરે ભોળી! સાંભળ! તું રાજાની પટરાણી છે, મહા રૂપમતી છે, રાજાને તારા પ્રત્યે ઘણું સન્માન છે,—એ તો બધું પૂર્વોપાર્જિત પુણ્યનું ફળ છે; મોહને લીધે આ જીવ ચતુર્ગતિ વિષે ભ્રમણ કરે છે ને મહાદુઃખ ભોગવે છે; અનંતકાળમાં ક્યારેક પુણ્યના યોગે મનુષ્યદેહ પામે છે. હે રાણી! તું કોઈ પુણ્યના યોગે આ મનુષ્યદેહ પામી છે, તો તેમાં આ નિંદ્ય આચાર ન કર, યોગ્ય ક્રિયા કર. આ મનુષ્યદેહ પામીને જે સુકૃત નથી કરતો તે હાથમાં આવેલા રત્નને ખોઈ બેસે છે, અશુભ ક્રિયાઓ દુઃખમૂળ છે, માટે તું તારા કલ્યાણને અર્થે શ્રેષ્ઠ કાર્યોમાં પ્રવર્ત,—તે જ ઉત્તમ છે. આ લોક મહા નિંદ્ય અનાચારથી ભરેલો છે, જે સંતો પોતે આ સંસારથી તરે છે ને ધર્મોપદેશ દઈને બીજાઓને પણ તારે છે તેમના સમાન કોઈ ઉત્તમ નથી, તેઓ કૃતાર્થ છે; અને એવા સંત—મુનિઓના પણ નાથ...સર્વ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જગતના નાથ....ધર્મચક્રી શ્રી અરિહંતદેવ છે તેમના પ્રતિબિંબનો જે અવિનય કરે છે તે અજ્ઞાની ભવોભવમાં કુગતિના મહા દુઃખ પામે છે, અરે ! એ દુઃખોનું વર્ણન કોણ કરી શકે ? જો કે શ્રી વીતરાગ અરહંત દેવ રાગ-દ્વેષ રહિત છે, જેઓ તેમની સેવા કરે તેમના ઉપર તેઓ પ્રસન્ન થતા નથી, ને નિંદા કરે તેમના ઉપર દ્વેષ કરતા નથી, મહા મધ્યસ્થ વીતરાગભાવને ધારે છે, તોપણ જે જીવ તેમની સેવા કરે છે તે સ્વર્ગ-મોક્ષને પામે છે અને જે નિંદા કરે છે તે નરક-નિગોદને પામે છે.—કેમ ? કે જીવોને પોતાના પરિણામોથી સુખ-દુઃખની ઉત્પત્તિ થાય છે. જેમ અગ્નિને ઈચ્છા ન હોવા છતાં તેના સેવનથી શીતનું નિવારણ થાય છે, તેમ શ્રી જિનરાજને ઈચ્છા ન હોવા છતાં તેમના અર્ચન—સેવનથી સ્વયમેવ સુખ થાય છે, અને તેમના અવિનયથી પરમ દુઃખ થાય છે. હે પુત્રી ! આ સંસારમાં જેટલાં દુઃખ દેખાય છે તે બધા પાપનાં ફળ છે, અને જે સુખ છે તે ધર્મનું ફળ છે, પૂર્વ પુણ્યના પ્રભાવથી તુ મહારાજાની પટરાણી થઈ, મહા સંપત્તિવાન થઈને અદ્‌ભુત કાર્ય કરવાવાળા તારા પુત્ર થયા, તો હવે તું એવું કર કે જેથી સુખી થા....મારા વચનથી તું તારું કલ્યાણ કર, હે ભવ્ય ! છતી આંખે અંધ થઈને તું કૂવામાં ન પડ. જો તું આવા કાર્યો કરીશ તો ઘોર નરકમાં પડીશ; દેવ-ગુરુ-શાસ્ત્રનો અવિનય કરવો તે તો અત્યંત દુઃખનું કારણ છે. આવા દોષ દેખીને જો હું તને ન સંબોધું તો મને પ્રમાદનો દોષ લાગે; તેથી તારા કલ્યાણ માટે આ ધર્મોપદેશ દીધો છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શ્રી આર્યિકાનો આવો ઉપદેશ સાંભળીને રાણી કનકોદરી નરકનાં દુઃખથી ડરી; તેણે સમ્યગ્દર્શન ધારણ કર્યું, શ્રાવિકાના વ્રત આદર્યાં, શ્રી અરિહંતદેવની પ્રતિમાને ઘણા બહુમાનપૂર્વક મંદિરમાં પધરાવી ને મોટી ધામધૂમપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરાવી—એ પ્રમાણે સર્વજ્ઞદેવના ધર્મનું આરાધન કરીને તે કનકોદરી સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગઈ અને સ્વર્ગમાંથી આવીને અહીં રાજા મહેન્દ્રની રાણી મનોવેગાને ત્યાં અંજનાસુંદરી પુત્રી થઈ. શ્રી મુનિરાજ કહે છે કે હે પુત્રી! તું પૂર્વના પુણ્યના પ્રભાવથી રાજકુળમાં ઊપજી, ઉત્તમ વર પામી, પરંતુ શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમાને તે એક ક્ષણ પૂરતી મંદિરમાંથી બહાર કાઢી હતી તેના પાપથી તું પતિનો વિયોગ તથા કુટુંબ દ્વારા તિરસ્કાર પામી. વિવાહના ત્રણ દિવસ પહેલાં રાત્રે પવનંજય તેના પ્રહસ્ત મિત્ર સહિત ગુપ્તપણે તારા ઝરોખે આવીને બેઠો હતો. તે વખતે મિશ્રકેશી સખીએ વિદ્યુત્પ્રભની સ્તુતિ કરી ને પવનંજયની નિંદા કરી, તેથી પવનંજયને તારા ઉપર દ્વેષ થઈ ગયો. પછી યુદ્ધને માટે જતાં માનસરોવરના કિનારે પડાવ નાંખ્યો ત્યારે ચકવીને વિરહમાં ઝૂરતી દેખીને તેને કરૂણા ઊપજી અને તે કરૂણા જ સખીરૂપ થઈને કુમારને તારી પાસે લઈ આવી; તને ગર્ભ રહ્યો ને કુમાર તો ગુપ્તપણે જ રાવણને મદદ કરવા ચાલ્યો ગયો. મુનિરાજના શ્રીમુખેથી અંજની પ્રત્યે મહા કરૂણા ભરેલા વચનો ખરવા લાગ્યા—હે બાળિકા! તે પૂર્વે જિનેન્દ્રદેવનો અવિનય કરેલો તેથી તારા ઉપર, તું નિર્દોષ હોવા છતાં ઘોર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કલંક આવી પડ્યાં; પૂર્વે નિંદ્ય કર્મ કરવાથી તું આવા મહા દુઃખ પામી.....માટે ફરીને એવા શ્રી જિનેન્દ્રદેવની તું ભક્તિ કર. આ પૃથ્વીમાં જે સુખ છે તે સર્વ જિનભક્તિના પ્રતાપથી થાય છે.

આ પ્રમાણે શ્રી મુનિરાજ પાસેથી પોતાના પૂર્વભવની વાત સાંભળીને અંજની વિસ્મય પામી અને પોતાના કરેલા અપરાધને નિંદતી થકી ઘણો પશ્ચાત્તાપ કરવા લાગી.

ત્યારે શ્રી મુનિરાજે કહ્યું–હે પુત્રી! તું શાંત થા અને તારી શક્તિપૂર્વક જિનધર્મનું સેવન કર. પરમ ભક્તિપૂર્વક શ્રી જિનેન્દ્રદેવની તથા સંત-મુનિઓની ઉપાસના કર. પૂર્વે તેં એવું નિંદ્ય કર્મ કર્યું કે તું અધોગતિમાં જાત, પરંતુ સંયમશ્રી આર્યાએ ધર્મોપદેશરૂપી હસ્તાવલંબન દઈને તને કુગતિમાં પડતાં બચાવી. હવે થોડા વખતમાં તું પરમ સુખ પામીશ, તારો પુત્ર દેવોથી પણ ન જિતાય એવો મહા પરાક્રમી થશે, હવે થોડા દિવસોમાં જ તને તારા પતિનો મેળાપ થશે. માટે હે ભવ્યા! તું તારા ચિત્તમાંથી ખેદ છોડી દે અને પ્રમાદરહિત થઈને ધર્મક્રિયામાં ઉદ્યમી થા.

શ્રી મુનિરાજના આવા વચન સાંભળીને અંજની તથા વસંતમાલા બહુ જ પ્રસન્ન થઈ, આનંદથી તેમનાં નેત્રો ફૂલી ગયા....'અહો! આ ઘોર વનમાં આપ અમને ધર્મપિતા મળ્યા, આપનાં દર્શનથી અમારાં દુઃખ દૂર થઈ ગયાં, આપ પરમ શરણભૂત છો'–એમ કહીને વારંવાર નમસ્કાર કરવા લાગી.

શ્રી મુનિરાજ તેમને ધર્મનો ઉપદેશ દઈ આકાશમાર્ગે વિહાર કરી ગયા.

અંજની પોતાના પૂર્વભવની વાત સાંભળીને પાપકર્મથી અત્યંત ભયભીત થઈ અને ધર્મમાં સાવધાન થઈ. 'આ ગૂફા મુનિના બિરાજવાથી પવિત્ર થઈ' એમ સમજીને બંને સખીઓ ત્યાં જ રહેવા લાગી, અને પુત્રના પ્રસવની રાહ જોવા લાગી.

* * *



હવે અંજની પોતાની સખી સહિત ગૂફામાં રહે છે....ધર્મનું ચિંતન કરે છે, વૈરાગ્ય ભાવનાઓ ભાવે છે, દેવ-ગુરુની ભક્તિ કરે છે. વસંતમાલા વિદ્યાના બળથી ખાન-પાન વગેરે મનવાંછિત સામગ્રી મેળવી લ્યે છે. મુનિના ધ્યાનથી પવિત્ર થયેલી ગુફાને વિષે **શ્રી મુનિસુવ્રતનાથ તીર્થંકર**ની પ્રતિમા પધરાવીને બંને સખીઓ સુગંધી દ્રવ્યોથી ભક્તિપૂર્વક પૂજા કરે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે. વસંતમાલા અનેક પ્રકારના વિનોદ વડે અંજનીને પ્રસન્ન રાખે છે. બંનેના ચિત્તમાં એક જ ચિંતા છે કે પ્રસૂતિ સુખપૂર્વક થઈ જાય.

સાંજ પડી....સંધ્યાનો રાતો રંગ એવો છવાઈ ગયો—જાણે કે હમણાં ક્રોધે ભરેલો સિંહ આવશે! થોડી વારમાં, જાણે કે હોનહાર ઉપસર્ગને સૂચવતી હોય–એમ અંધકાર ભરેલી રાત આવી પહોંચી. ભયના માર્યા પશુ-પંખી ચૂપ થઈ ગયા. ક્યારેક ક્યારેક શિયાળીયાની એવી ભયાનક ચીસો થતી–કે જાણે આવી રહેલા ઉપસર્ગના ઢોલ વાગતા હોય!

આવી અંધારી રાતે અંજની અને તેની સખી વાતચીત કરતાં ગૂફામાં બેઠા છે....ત્યાં તો ગૂફાના બારણે ભયંકર ગર્જના કરતો એક સિંહ આવ્યો....તેની ગર્જનાથી આખી ગૂફા એવી તો ગાજી ઊઠી....જાણે કે ભયને લીધે પર્વત જ રોવા માંડ્યો હોય. સિંહનો અવાજ સાંભળીને અંજનીએ એવી પ્રતિજ્ઞા કરી કે જો આ ઉપસર્ગથી મારું શરીર છૂટી જાય તો મારે અનશન વ્રત છે, ઉપસર્ગ ટળે તો ભોજન લેવું. સખી વસંતમાલા અંજનીની રક્ષા માટે એકદમ વ્યાકુળ થઈને, હાથમાં તલવાર લઈને પંખીની જેમ આમતેમ ભમે છે, ઘડીકમાં આકાશમાં જાય છે ને ઘડીકમાં જમીન ઉપર આવે છે—એ પ્રમાણે બંને સખીઓ ભયથી કંપાયમાન થઈ ગઈ.

ત્યારે, તે ગૂફામાં રહેતા મણિચૂલ નામના ગંધર્વદેવની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



રત્નચૂલા નામની સ્ત્રીને અત્યંત દયા આવી અને તે કહેવા લાગી : હે દેવ ! જુઓ, આ બંને સ્ત્રીઓ સિંહના ભયથી અત્યંત વિહ્વળ બની ગઈ છે, એ બંને ધર્માત્મા છે, માટે તમે તેની રક્ષા કરો.

ગંધર્વદેવને પણ દયા ઊપજી અને તરત જ વિક્રિયાવડે તેણે અષ્ટાપદનું રૂપ ધારણ કર્યું, સિંહ અને અષ્ટાપદની લડાઈના મહા ભયાનક શબ્દો થવા લાગ્યા.

અંજની હૃદયમાં ભગવાનનું ધ્યાન ધરવા લાગી. વસંતમાલા સારસની જેમ વિલાપ કરવા લાગી : હા અંજના ! પહેલાં તો ધણીના વિયોગથી તું દુઃખી થઈ, કોઈ પ્રકારે ધણીનું આગમન થયું ને ગર્ભ રહ્યો તો સાસુએ કાઢી મૂકી, માતા-પિતાએ પણ ન રાખી તેથી મહા ભયાનક વનમાં આવી; અહીં પુણ્યના યોગથી મુનિરાજના દર્શન થયા. મુનિએ પૂર્વભવ કહીને ધૈર્ય બંધાવ્યું અને ધર્મોપદેશ દઈ આકાશમાર્ગે ચાલ્યા ગયા; પ્રસૂતિ માટે તું આ ગૂફામાં રહી, તો હવે આ સિંહ મોઢું ફાડીને તને ખાઈ જવા આવ્યો છે. હાય! હાય ! આ રાજપુત્રી નિર્જન-વનમાં મરણ પામી રહી છે !......અરે ! આ વનના દેવતા દયા કરીને એની રક્ષા કરો. મુનિએ કહ્યું કે હવે તારા બધાં દુઃખો દૂર થશે,—એ મુનિનાં વચન અન્યથા કેમ હોય ?—એમ વિલાપ કરતી વસંતમાલા ઝૂલાની જેમ આમથી તેમ ઘૂમે છે, ઘડીકમાં અંજનીની પાસે આવે છે ને ઘડીકમાં બહાર જાય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ તરફ ગંધર્વદેવ કે જેણે અષ્ટાપદનું રૂપ ધારણ કર્યું હતું તેણે પંજાની ઝપટ વડે સિંહને ભગાડી મૂક્યો; સિંહ ભાગી જતા તે દેવ પણ પોતાના સ્થાને ચાલ્યો ગયો.—એ રીતે સિંહ અને અષ્ટાપદ બંને ક્ષણમાત્રમાં અલોપ થઈ ગયા.

સિંહ અને અષ્ટાપદના યુદ્ધનું આ સ્વપ્ન સમાન વિચિત્ર ચારિત્ર દેખીને વસંતમાલાને આશ્ચર્ય થયું, અને ઉપસર્ગ દૂર થયો જાણીને તે ગૂફામાં અંજની સુંદરી પાસે આવી અને અત્યંત કોમળ હાથ ફેરવીને તેને આશ્વાસન આપવા લાગી, જાણે નવો જન્મ થયો હોય તેમ હિતની વાત કરવા લાગી. ગૂફામાં બેઠા બેઠા તેઓ ક્યારેક તો ધર્મકથા કરે છે, ક્યારેક ભગવાનની ભક્તિ કરે છે, ક્યારેક મુનિરાજને યાદ કરે છે ને ક્યારેક કુટુંબના વર્તાવને યાદ કરે છે. એમ કરતાં કરતાં લગભગ મધરાત થઈ.....ત્યાં અત્યંત મધુર સંગીતનો અવાજ સંભળાયો.....આવી મધરાતે આ નિર્જન ગૂફામાં જિનેન્દ્રભક્તિના અદ્‌ભુત સૂર સાંભળીને બંનેને આશ્ચર્ય થયું.....ને એકચિત્તે સાંભળવા લાગી.

જેમ ગરૂડ સર્પને ભગાડે તેમ અષ્ટાપદરૂપધારી ગંધર્વદેવ સિંહને ભગાડીને, રાત્રિના શાંત વાતાવરણમાં આનંદપૂર્વક વીણા વગાડીને શ્રી જિનેન્દ્રદેવના ગુણગાન કરતો હતો. ગંધર્વદેવો ગાનવિદ્યામાં પ્રસિદ્ધ છે, રાગના ૪૯ સ્થાનો છે તે બધામાં તેઓ પ્રવીણ છે. તે ગંધર્વદેવ અત્યંત પ્રીતિપૂર્વક મધુર નાદથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો કે—સર્વજ્ઞ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પરમાત્મા શ્રી અરહંતદેવને હું ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું; દેવોથી પણ જે પૂજ્ય છે એવા દેવાધિદેવ શ્રી મુનિસુવ્રત ભગવાનના ચરણયુગલમાં ભક્તિપૂર્વક વંદન કરું છું. હે નાથ! આપ ત્રણ ભુવનમાં શ્રેષ્ઠ છો, મોક્ષમાર્ગના નાયક છો, આપના ચરણના નખની પ્રભા વડે ઈન્દ્રના મુકુટનાં રત્નો પ્રકાશિત થાય છે. હે સર્વજ્ઞદેવ! આપ જ જીવોને પરમ શરણભૂત છો....

એ પ્રમાણે જિનેન્દ્ર ભગવાનની અદ્‌ભુત ભક્તિ સાંભળતાં બંને સખીઓનું મન અત્યંત પ્રસન્ન થયું, અને કદી નહીં સાંભળેલો એવો આ રાગ સાંભળીને તેમને વિસ્મય થયું; તેઓ ગીતની અત્યંત પ્રશંસા કરવા લાગી કે ધન્ય આ ગીત! જિનેન્દ્રદેવના કોઈ ભક્તે આ અત્યંત મનોહર ગીત ગાયું છે....તે સાંભળીને અમારું હૃદય હર્ષથી છવાઈ ગયું છે. વસંતમાલા અંજનીને કહેવા લાગી કે હે સખી! જરૂર કોઈ અહીં દયાવાન દેવ રહે છે કે જેણે અષ્ટાપદનું રૂપ ધારણ કરીને સિંહને ભગાડી મૂક્યો અને આપણી રક્ષા કરી; અને તેણે જ આપણા આનંદને માટે આ મનોહર ગીત ગાયું છે. હે દેવી! હે શીલવંતી! તારી દયા તો બધાય કરે છે. જે શીલવાન ધર્માત્મા છે તેને મહાભયંકર વનમાં દેવ પણ મિત્ર થઈ જાય છે. આ ઉપસર્ગના વિનાશથી હવે જરૂર તને તારા પતિનો મિલાપ થશે અને તને અદ્‌ભુત પરાક્રમી પુત્ર થશે; મુનિઓના વચન અન્યથા હોતાં નથી.—આમ વાતચીત કરતાં કરતાં બંનેએ રાત વીતાવી.,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સવાર થતાં બંનેએ ગૂફામાં બિરાજમાન શ્રી મુનિસુવ્રત ભગવાનના પ્રતિમાજીના અતિશય ભાવપૂર્વક સ્તુતિ કરીને પૂજન કર્યું. વસંતમાલા અનેક પ્રકારે અંજનીના ચિત્તને પ્રસન્ન કરે છે, અને કહે છે કે અરે દેવી! જો તો ખરી....તારા પધારવાથી આ વન અને પર્વત પણ મહાન હર્ષ પામ્યા છે, તેથી ઝરણાંના કલકલ નાદથી તેઓ હસી રહ્યા છે, આ વનનાં વૃક્ષો નમ્રીભૂત થઈને જાણે તને જ ફળ અર્પણ કરી રહ્યાં છે, મોર-પોપટ ને મેના મધુર શબ્દોથી તારું સ્વાગત કરે છે; માટે હે કલ્યાણરૂપિણી! હે પુણ્યવંતી! તું ચિંતાને વશ ન થા, તું પ્રસન્ન રહે, આ વનમાં સર્વ કલ્યાણ થશે અને દેવ પણ તારી સેવા કરશે. તારું શરીર નિષ્પાપ છે, તારું શીલ નિર્દોષ છે, તેથી આ પક્ષીઓ પણ હર્ષથી તારી પ્રશંસા કરે છે. તારા અહીં બિરાજવાથી આખું વન આનંદથી નાચી રહ્યું છે.....અને તારા દર્શન કરવા માટે આ સૂર્ય પણ આવી રહ્યો છે.....

વસંતમાલાની પ્રસન્નતા ભરેલી વાત સાંભળીને અંજની કહેવા લાગી—હે સખી! તું મારી સાથે છે તો મારે બધું કુટુંબ પાસે જ છે, અને તારા પ્રસાદથી આ વન પણ મારે નગર સમાન છે, સંકટમાં જીવને જે સહાય કરે તે જ સાચા બાંધવ છે, અને જે દુઃખદાતાર છે તે બાંધવ નથી પણ શત્રુ છે. હે સખી! સંકટમાં તારા સહવાસથી મારું દુઃખ ભૂલાઈ ગયું—આમ એકબીજી સાથે પ્રેમપૂર્વક વાતચીત કરે છે, ગૂફામાં જ રહે છે, મુનિસુવ્રતનાથ ભગવાનની પૂજા-ભક્તિ કરે છે,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વિદ્યાના પ્રભાવથી વસંતમાલા ખાન-પાનની સુંદર સામગ્રી વિધિપૂર્વક બનાવે છે; ગૂફાવાસી ગંધર્વદેવ સર્વ પ્રકારે તેમની રક્ષા કરે છે ને વારંવાર વિધવિધ રાગ વડે ભગવાનના ગુણગાન સંભળાવે છે. વનના હરણ આદિ પશુઓ પણ આ બે સખીની સાથે હળીમળી ગયાં છે.

ૐ

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## ૪ : હનુમાનજીનો જન્મ

કેટલાક દિવસો બાદ અંજનીને પ્રસૂતિનો સમય આવતાં કહેવા લાગી—હે સખી! આજે મને કંઈક વ્યાકુળતા લાગે છે. ત્યારે વસંતમાલાએ કહ્યું : હે દેવી! આ તારે પ્રસૂતિનો વખત છે, માટે તું આનંદિત થા. એમ કહીને તેને માટે કોમળ શય્યા બનાવી દીધી... અને તેના ઉપર અંજનીએ પુત્રને જન્મ દીધો...જેમ પૂર્વ દિશા સૂર્યને પ્રગટ કરે તેમ અંજનીએ સૂર્ય જેવા તેજસ્વી હનુમાનને પ્રગટ કર્યો. તેનો જન્મ થતાં જ ગૂફાનો અંધકાર દૂર થઈ ગયો ને ગૂફા એવી પ્રકાશરૂપ થઈ ગઈ કે જાણે કે તે સુવર્ણની જ હોય.

અંજની પોતાના પુત્રને છાતીએ ચાંપીને દીનતાપૂર્વક કહેવા લાગી : હે પુત્ર! તું આ ગહન વનમાં ઊપજ્યો, અહીં તારા જન્મનો ઉત્સવ હું કઈ રીતે કરું? જો તારા દાદાને ત્યાં કે નાનાને ત્યાં જન્મ થયો હોત તો તારા જન્મનો મોટો ઉત્સવ થાત! તારા મુખરૂપી ચંદ્રમા જોઈને કોને આનંદ ન થાય? પણ હું મંદભાગિની સર્વ વસ્તુ રહિત છું તેથી શું ઉત્સવ કરું? હે પુત્ર! અત્યારે હું બીજું તો કંઈ કરવા સમર્થ નથી. પરંતુ— જીવોને બધી વસ્તુઓ કરતાં દીર્ઘાયુ હોવું વહાલું છે તેથી તને આશીર્વાદ આપું છું કે હે પુત્ર! તું ચિરંજીવી હો!....તું છે તો મારે બધુંય છે. આ પ્રાણ હરી નાંખે એવા મહા ગહન વનની

વચ્ચે પણ હું જીવું છું તે તારા પુણ્યપ્રભાવથી જ જીવું છું.

અંજનીના આવાં વચનો સાંભળીને વસંતમાલા કહેવા લાગી—હે દેવી! તું પ્રસન્ન થા, તું કલ્યાણરૂપ છો કે આવો પુત્ર પામી....તારો પુત્ર સુંદર લક્ષણોથી શોભે છે, તે મહાન ઋદ્ધિનો ધારક થશે. અને વળી મુનિરાજનું વચન છે કે આ ચરમશરીર છે, આના જન્મથી તારી કૂંખ ઉજ્જ્વળ થઈ. આ બાળક મહા તેજસ્વી છે, તેના પ્રભાવથી બધું સારું થશે. માટે તું નકામી ચિંતા ન કર...પુત્રને દેખીને પ્રસન્ન થા. જો તો ખરી, આ વન પણ તારા પુત્રનો ઉત્સવ ઊજવી રહ્યું છે, વૃક્ષો અને પુષ્પો પુલકિત થઈને હસી રહ્યાં છે, વેલડીઓ ડોલી રહી છે, મોરલા નાચે છે, ભમરાઓ મધુર ગીત ગાય છે.....આ હરણીઓ પણ તારા પુત્રને વાત્સલ્યથી નીહાળી રહી છે. તારા પુત્રના જન્મોત્સવથી આખું વન પ્રફુલ્લિત થઈને લસલસાટ કરી રહ્યું છે....

બંને સખીઓ આ પ્રમાણે વચનાલાપ કરી રહી છે...ત્યાં તો વસંતમાલાએ આકાશમાં સૂર્ય જેવું તેજસ્વી એક વિમાન આવતું દેખ્યું અને પોતાની સ્વામિનીને તે વાત કરી. વિમાનને જોતાં જ અંજની ભયભીત થઈને શંકા કરવા લાગી કે અરે! આ વળી કોઈ નિષ્કારણ વેરી મારા પુત્રને લઈ જવા આવ્યો છે?—કે આ તો મારો કોઈ ભાઈ છે? અંજનીનો પોકાર સાંભળીને વિદ્યાધરને દયા આવી તેથી તેણે ગૂફાના દ્વાર પાસે પોતાનું વિમાન થંભાવ્યું; અને પોતાની સ્ત્રી સહિત

વિનયપૂર્વક ગૂફામાં પ્રવેશ કર્યો. તેમને દેખીને વસંતમાલાએ આદર આપ્યો. જેનું ચિત્ત પવિત્ર છે એવો તે વિદ્યાધર થોડીવાર વિનયપૂર્વક બેઠો, અને પછી ગંભીર વચનોથી વસંતમાલાને પૂછવા લાગ્યો કે હે બેન! આ સુમર્યાદાને ધરનારી બાઈ કોણ છે? તે કોની પુત્રી છે?—કોને પરણી છે? ક્યા કારણે આ મહાવનમાં રહે છે? કોઈ મોટા ઘરની પુત્રી શા કારણે બધા કુટુંબથી વિખૂટી પડી ગઈ છે? રાગ-દ્વેષરહિત ઉત્તમ જીવોને પણ આ જગતમાં પૂર્વ કર્મથી પ્રેરાઈને વિના કારણ વેરીઓ જાગે છે; આ બાઈ પણ ધર્માત્મા દેખાય છે તેના ઉપર આવા સંકટ કેમ આવ્યાં?

વિદ્યાધરે સ્નેહપૂર્વક એ પ્રમાણે પૂછતાં, દુઃખના ભારથી જેનો કંઠ રૂંધાઈ ગયો છે એવી વસંતમાલા આંસુ સારતી કષ્ટપૂર્વક કહેવા લાગી : હે મહાનુભાવ! આપનાં વચનથી જ આપની મનની શુદ્ધતા જણાઈ આવે છે. જેમ દાહનાશક ચંદનવૃક્ષની છાયા પણ સુંદર લાગે છે તેમ આપના જેવા ગુણવાન પુરુષોની છાયા હૃદયના ભાવ પ્રગટ કરવાનું સ્થાન છે. આપના જેવા પુરુષોને કહેવાથી દુઃખ નિવૃત્ત થાય છે, આપ દુઃખ હરનારા છો; સજ્જન પુરુષોનો સ્વભાવ જ આપદામાં સહાય કરવાનો છે. આપને અમારું દુઃખ સાંભળવાની ઈચ્છા છે તો સાંભળો!—આ અંજનાસુંદરી છે, તે પૃથ્વી પર પ્રસિદ્ધ મહેન્દ્ર રાજાની પુત્રી છે; પ્રહલાદ રાજાના પુત્ર પવનંજયની તે સ્ત્રી છે. એકવાર પવનકુમાર રાવણની

મદદે જતો હતો, ત્યાં માનસરોવરથી ગુપ્તપણે અંજની પાસે આવ્યો, અંજનીને તેનાથી ગર્ભ રહ્યો. તેની સાસુ ક્રૂર સ્વભાવની, નિર્દય અને મહામૂર્ખ હતી, તેના ચિત્તમાં સંદેહ થતાં અંજની ઉપર ખોટું કલંક મૂકીને તેને તેના પિતાને ત્યાં મોકલી દીધી, તેના પિતાએ પણ અપકીર્તિના ભયથી તેને ન સંઘરી, તેથી તે વનમાં ચાલી. મોટા કુળની પુત્રી અત્યારે નિરાશ્રયપણે આ વનમાં મૃગીની જેમ રહે છે. આ અંજની સર્વ દોષરહિત મહા સતી શીલવંતી નિર્વિકાર છે, ધર્માત્મા છે; હું એની સેવા કરું છું, હું એની આજ્ઞાકારિણી સેવિકા છું, એની વિશ્વાસપાત્ર સખી છું ને મારા ઉપર એની ઘણી કૃપા છે. આજે આ ગૂફામાં પ્રસૂતિ થઈ છે. આ અનેક ભયથી ભરેલા વનમાં આને કોણ જાણે કઈ રીતે સુખ થશે !! હે રાજન્ ! મેં આનો વૃત્તાંત તમને સંક્ષેપથી કહ્યો, બધાં દુઃખની કથા તો ક્યાં સુધી કહેવી ?

આ પ્રમાણે, અંજનીના દુઃખરૂપ આતાપથી પીગળીને વસંતમાલાના હૃદયમાં રહેલો સ્નેહ વચનદ્વારા બહાર નીકળી ગયો.

વસંતમાલા પાસેથી કરુણ કથની સાંભળીને, વિદ્યાધર રાજા સ્નેહપૂર્વક કહેવા લાગ્યો—હે ભવ્યા ! હું પ્રતિસૂર્ય, હનુરુહ દ્વીપનો રાજા છું, આ અંજની મારી ભાણજી થાય છે, મેં ઘણા દિવસે દેખી તેથી ન ઓળખી.—એમ કહીને અંજનીને બાલ્યાવસ્થાનો બધો વૃત્તાંત ગદ્ગદ્ વાણીથી કહ્યો ને અશ્રુપાત

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કરવા લાગ્યો. અંજની પણ તેને પોતાના મામા જાણીને ભેટી પડી તે રુદન કરવા લાગી, આંસુના બહાને તેનું બધું દુઃખ નીકળી ગયું, લોકમાં એવી રીત છે કે દુઃખ પ્રસંગે પોતાના હિતુને દેખતાં રુદન આવી જાય. અંજની રૂએ છે, રાજા પણ રૂએ છે, તેની રાણી પણ રૂએ છે, વસંતમાલા પણ અત્યંત રૂએ છે. એ બધાના રૂદનથી ગૂફા એવી ગૂંજવા લાગી—જાણે કે પર્વત પણ રડતો હોય! નિર્ઝરણાં જાણે કે અશ્રુપાત કરતાં હોય! રુદનના ધ્વનિથી આખું વન છવાઈ ગયું.... આખું વન જાણે કે રડતું હોય! હરણ આદિ વનના જીવો પણ તેમની સાથે રુદન કરવા લાગ્યા. થોડીવારે પ્રતિસૂર્ય રાજા શાંત થયા. અંજનીને પણ શાંત પાડીને તેનું મુખ ધોવરાવ્યું. વન પણ, જાણે કે તેમની વાત સાંભળવા ઈચ્છતું હોય તેમ શાંત થઈ ગયું. પહેલાં તો અંજની પ્રતિસૂર્ય રાજાની રાણી સાથે વાતચિત કરવા લાગી; મહાપુરુષોની એ રીત છે કે દુઃખમાં પણ પોતાનું કર્તવ્ય ચૂકતા નથી. પછી અંજની પોતાના મામાને કહેવા લાગી—હે પૂજ્ય! આ પુત્રનો સમસ્ત વૃત્તાંત જ્યોતિષીઓને પૂછો. ત્યારે સાથેના જ્યોતિષીને રાજાએ પૂછ્યું; જ્યોતિષી કહેવા લાગ્યો કે આ બાળકના જન્મની વેળા બતાવો. વસંતમાલાએ કહ્યું કે આજે અર્દ્ધરાત્રિ વીત્યા બાદ તેનો જન્મ થયો છે. ત્યારે લગ્ન સ્થાપીને બાળકનાં શુભ લક્ષણો જાણીને જ્યોતિષીએ કહ્યું કે આ બાળક મુક્તિનું ભાજન છે, તે ફરીને જન્મ ધારણ નહિ કરે. ફાગણ વદ અષ્ટમીની તિથિ છે અને શ્રાવણ નક્ષત્ર છે, વળી સૂર્ય, ચંદ્ર વગેરે બધા ગ્રહો ઉત્તમ સ્થાને રહેલા છે ને


Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

બળવાન છે; બ્રહ્મયોગ છે, ને શુભમુહૂર્ત છે; તેથી આ બાળક અદ્‌ભુત રાજ્ય પામશે તેમજ મુક્તિ દેનારું યોગીન્દ્રપદ પામશે. આ રીતે બાળક રાજેન્દ્ર અને યોગીન્દ્ર પદ પામીને અવિનાશી સુખને પ્રાપ્ત કરશે.

જ્યોતિષીની વાત સાંભળીને બધાને અત્યંત હર્ષ થયો. થોડીવારે પ્રતિસૂર્ય રાજાએ અંજનીને કહ્યું : હે વત્સા ! ચાલો હવે આપણે હનુરુહ દ્વીપે આપણા રાજ્યમાં જઈએ, ત્યાં જઈને આ બાળકના જન્મનો મોટો ઉત્સવ કરીશું.

અંજનીએ એ વાત સ્વીકારી; અને ભગવાનની વંદના કરીને, પુત્રને ગોદમાં લઈને, ગૂફાના અધિપતિ ગંધર્વદેવ પાસે ક્ષમા માગીને, પ્રતિસૂર્યના પરિવાર સાથે ગૂફામાંથી બહાર નીકળી, ને વિમાન પાસે આવીને ઊભી રહી. તેને જતી દેખીને આખું વન જાણે કે ઉદાસ થઈ ગયું હતું, વનના હરણાદિ પશુઓ પણ જાણે કે આંસુભીની આંખે તેને વિદાય આપતાં હોય તેમ મીટ માંડીને તેના તરફ જોઈ રહ્યાં હતાં....ગૂફા, વન અને વનનાં પશુડાં પ્રત્યે એકવાર સ્નેહભરી દૃષ્ટિ કરીને અંજની વિમાનમાં બેઠી.... સાથે વસંતમાલા વગેરે બધા બેઠા....અને વિમાન આકાશમાર્ગે ચાલ્યું.

વિમાન આકાશમાર્ગે જઈ રહ્યું છે; અંજનીના ખોળામાં એનો બાળક ખેલી રહ્યો છે...ને સૌ વિનોદ કરી રહ્યા છે....અચાનક, કુતૂહલતાથી હસતાં હસતાં તે બાળક માતાની ગોદમાંથી ઊછળીને નીચે પર્વત ઉપર પડ્યો....બાળક પડતાં



જ તેની માતા હાહાકાર કરવા લાગી...બધા હાહાકાર કરવા લાગ્યા...રાજા પ્રતિસૂર્ય તરત જ વિમાનમાંથી પૃથ્વી ઉપર ઉતર્યો.

અંજની અત્યંત દીનતાપૂર્વક એવો વિલાપ કરવા લાગી કે જે સાંભળીને તિર્યંચોના મન પણ કરુણાથી કોમળ થઈ ગયા. હા પુત્ર! આ શું થયું? અરે! દૈવે આ શું કર્યું? રત્નથી ભરેલું નિધાન બતાવીને મારી પાસેથી તે કેમ હરી લીધું? અરેરે! કુટુંબના વિયોગથી અતિ વ્યાકુળ થયેલી એવી મને, આ બાળક મારા જીવનનો સહારો હતો તે પણ મારા પૂર્વોપાર્જિત કર્મોએ છીનવી લીધો! હાય પુત્ર! તારા વિના હવે હું શું કરું!!—એ પ્રમાણે માતા તો વિલાપ કરી રહી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ તરફ, પુત્ર (હનુમાન) જે પથ્થરની શિલા ઉપર પડ્યો તે પથ્થરના હજારો ટૂકડા થઈ ગયા ને મોટો અવાજ થયો. રાજા પ્રતિસૂર્ય જઈને જુએ છે તો બાળક એક શિલા ઉપર આનંદથી બિરાજી રહ્યો છે, પોતાનો અંગૂઠો પોતે ચૂસી રહ્યો છે, એકલો એકલો ક્રીડા કરે છે ને તેનું મુખ મલકી રહ્યું છે. ચત્તો પડ્યો પડ્યો અત્યંત શોભી રહ્યો છે, હાથ-પગ લસલસાટ ચમકી રહ્યા છે; કામદેવપદનો જે ધારક છે એના સુંદર શરીરને શી ઉપમા દેવી? આવી હાલતમાં બાળકને દૂરથી જોતાં જ રાજા પ્રતિસૂર્યને અત્યંત આશ્ચર્ય થયું. જેણે પોતાના મહાન પ્રતાપથી પર્વતના ખંડખંડ કરી નાંખ્યા છે, જેનો આત્મા ધર્મથી ભરેલો છે ને જેનું શરીર તેજથી ભરેલું છે,—એવા નિર્દોષ બાળકને આનંદથી ખેલતો જોઈને માતા અંજની પણ ઘણું વિસ્મય પામી અને સ્નેહથી તેને તેડી લીધો, તેનું શિર ચૂંબીને તેને છાતીએ ચાંપી દીધો.

ત્યારે રાજા પ્રતિસૂર્ય અંજનીને કહેવા લાગ્યો : હે બાલિકા! આ તારો બાળક ઉત્તમ સંસ્થાન અને ઉત્તમ સંહનનને ધરનાર વજ્રકાય છે, એના પડવાથી પહાડના ચૂરા થઈ ગયા; જ્યાં બાલકપણામાં જ આની દેવોથી અધિક અદ્‌ભુત શક્તિ છે, ત્યાં યૌવનઅવસ્થાની શક્તિનું તો શું કહેવું? ચોક્કસ આ જીવ ચરમશરીરી છે, તદ્‌ભવમોક્ષગામી છે, તે ફરીને દેહ ધારણ નહીં કરે, આ ભવમાં જ એ સિદ્ધપદને સાધશે.—આટલું કહીને અત્યંત પ્રમોદપૂર્વક, પોતાની અનેક

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સ્ત્રીઓ સહિત રાજા તે બાળકને ત્રણ પ્રદક્ષિણા દઈ હાથ જોડી, શિર નમાવીને નમસ્કાર કરવા લાગ્યો; અને પછી તે પુત્ર સહિત અંજનીને વિમાનમાં બેસાડીને પોતાના નગરમાં લઈ આવ્યો.

રાજાના આગમનના સમાચાર સાંભળીને પ્રજાજનોએ નગર શણગારીને સ્વાગત કર્યું. અંજની તથા તેના પુત્ર સહિત રાજાએ નગરમાં પ્રવેશ કર્યો અને દશે દિશામાં વાજિંત્રના નાદથી વિદ્યાધરોએ બાળકના જન્મનો મોટો ઉત્સવ કર્યો, જેવો સ્વર્ગલોકમાં ઈન્દ્રની ઉત્પત્તિનો ઉત્સવ દેવો કરે છે તેવો ઉત્સવ કર્યો. પર્વતમાં જન્મ થયો અને વિમાનમાંથી પડતાં પર્વતની શિલાના ચૂરા કરી નાંખ્યા તેથી તે બાળકની માતાએ તથા મામાએ તેનું 'શ્રી શૈલકુમાર' એવું નામ પાડ્યું; અને હનુરુહ દ્વીપને વિષે તેનો જન્મોત્સવ થયો તેથી 'હનુમાન' એવું નામ જગતમાં પ્રસિદ્ધ થયું. આ શ્રી શૈલ અથવા હનુમાનકુમાર હનુરુહ દ્વીપને વિષે રમે છે, દેવ સમાન તેના શરીરની પ્રભા છે, એની ચેષ્ટા બધાને આનંદરૂપ છે. (આ રીતે હનુમાનના જન્મસંબંધી કથા અહીં પૂરી થઈ.)

ગણધરદેવ રાજા શ્રેણિકને કહે છે કે હે રાજન્! પ્રાણીઓને પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી, પર્વતોને તોડી નાંખનારું મહા કઠોર વજ્ર પણ પુષ્પ સમાન કોમળ થઈને પરિણમી જાય છે, તથા મહા આતાપકારી અગ્નિ પણ ચંદ્રના કિરણ જેવો શીતળ બની જાય છે, તેમજ તીક્ષ્ણ તલવારની ધાર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પણ મનોહર કોમળ લતા જેવી થઈ જાય છે, આમ જાણીને જે વિવેકી જીવ છે તે મહા દુઃખદાયી પાપોથી વિરક્ત થઈ જાય છે. આ સાંભળીને હે ભવ્ય જીવો ! તમે જિનરાજના ચરિત્રને વિષે અનુરાગી બનો. કેવું છે જિનરાજનું ચરિત્ર ? મોક્ષનું સુખ દેવામાં ચતુર છે. આ સમસ્ત જગત મોહને લીધે જન્મ-જરા-મરણનાં દુઃખોથી અત્યંત તપ્તાયમાન છે. તે દુઃખોથી છોડાવીને પરમ મોક્ષસુખ આપવામાં સમર્થ એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના વીતરાગી ચરિત્રનું અનુસરણ કરો.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૫. પવનકુમારની વ્યથા

ગૌતમસ્વામી રાજા શ્રેણિકને કહે છે કે હે મગધ મંડન! શ્રી હનુમાનજીના જન્મનો વૃત્તાંત કહ્યો; હવે હનુમાનના પિતા પવનંજયનો વૃત્તાંત સાંભળ.

અંજની પાસેથી વિદાય લઈને તરત જ પવનંજય પવનની જેમ શીઘ્ર રાવણ પાસે પહોંચ્યો; વરુણ સાથે યુદ્ધ કરીને ખરદૂષણને છોડાવ્યો અને વરુણને બાંધીને રાવણ પાસે લઈ આવ્યો. આથી રાવણ પવનંજય ઉપર પ્રસન્ન થયો. રાવણ પાસેથી વિદાય લઈને પવનકુમાર અંજનીના સ્નેહને લીધે એકદમ ઘર તરફ ચાલ્યો. કુંવર વિજય કરીને આવે છે એવી ખબર પડતાં રાજા પ્રહલાદે નગરી શણગારીને તેનું સ્વાગત કર્યું. કુંવરે રાજમહેલમાં આવીને માતા-પિતાને પ્રણામ કર્યા, એક ક્ષણ સભામાં બેસીને સ્નેહપૂર્વક સૌના કુશળ-સમાચાર પૂછ્યા, અને પૂછી તરત જ પ્રહસ્ત મિત્રને સાથે લઈને તે અંજનીના મહેલ તરફ ચાલ્યો.

—પણ મહેલ પાસે આવતાં, જેમ જીવ વગરનું શરીર ન શોભે તેમ અંજની વગરનો મહેલ મનોહર ન લાગ્યો. તેથી કુંવરનું મન પ્રસન્ન થઈ ગયું ને પ્રહસ્તને કહેવા લાગ્યો કે હે મિત્ર! અહીં પ્રાણપ્રિયા અંજની દેખાતી નથી, તો તે ક્યાં હશે?

એના વગરનો આ મહેલ વગડા જેવો ખાલીખમ ભાસે છે. માટે તમે પૂછો છો કે તે ક્યાં છે? પ્રહસ્તે ત્યાંના લોકોને પૂછીને કુંવરને જણાવ્યું કે એના ચારિત્ર ઉપર સંદેહ થવાથી માતાજીએ તેને મહેન્દ્રનગર મોકલી દીધી છે. એ સાંભળતાં જ કુંવરના હૃદયમાં ઘણો ક્ષોભ થયો; અને માતા-પિતાને પૂછ્યા વિના જ, મિત્રને સાથે લઈને મહેન્દ્રનગર ચાલ્યો; તેનું ચિત્ત ઉદાસ થઈ ગયું.

મહેન્દ્ર રાજા નગરની સમીપ આવતાં તેના મનમાં એમ થયું કે આજે પ્રિયાનો મિલાપ થશે—તેથી પ્રસન્ન થઈને મિત્રને કહ્યું : હે મિત્ર! દેખો, અહીં અંજનીસુંદરી બિરાજે છે તેથી આ નગર કેવું મનોહર દીસે છે! જેવા કૈલાસ પર્વતના જિનમંદિરોના શિખર શોભાયમાન છે તેવા આ મહેલના શિખર શોભી રહ્યાં છે—એમ વાત કરતાં કરતાં નગરની સમીપે આવી પહોંચ્યા.

'પવનકુમાર આવે છે' એવા સમાચાર મળતાં જ મહેન્દ્ર રાજા નગરી શણગારીને ઘણા આદરપૂર્વક તેને નગરમાં લઈ આવ્યા. રાજમહેલમાં આવીને કુમાર બે ઘડી મહેન્દ્ર રાજા પાસે બેઠો ને પછી સાસુનો મુજરો કરીને, જેને પોતાની પ્રિયા અંજનીને દેખવાની ઘણી અભિલાષા છે એવો તે કુમાર અંજનીના મહેલે આવ્યો.—પરંતુ....ત્યાં પણ અંજનીને ન દેખતાં અત્યંત વિરહાતુર થઈને કોઈને પૂછ્યું : હે બાળિકા! અમારી પ્રિયા અંજના ક્યાં છે? ત્યારે તે બાળિકા બોલી—'હે

દેવ! અહીં તમારી પ્રિયા નથી; તમારી પ્રિયાને તો એના પિતાએ વનમાં કાઢી મૂકી છે!' એ વાત સાંભળતાં જ વજ્રઘાતથી કુમારનું હૃદય ચૂરચૂર થઈ ગયું, કાનમાં જાણે ગરમ રસ રેડાયો, તેના હોસકોસ ઊડી ગયા ને જીવરહિત મૃતક શરીર જેવા તેના હાલ થઈ ગયા, શોકના દાહથી તેનું મુખ એકદમ કરમાઈ ગયું.

એ પ્રમાણે હતાશ થયેલો કુંવર તરત જ મહેન્દ્રનગર છોડીને તેની સ્ત્રીની તપાસ માટે પૃથ્વીને વિષે ભ્રમણ કરવા લાગ્યો—જાણે કે વાયુકુમારને વાયુ લાગ્યો.

પ્રહસ્ત મિત્ર પણ તેને અત્યંત આતુર દેખીને તેના દુઃખથી ઘણો દુઃખી થયો, ને તેને કહેવા લાગ્યો—હે મિત્ર! તમે ખેદખિન્ન કાં થાઓ! ધૈર્ય ધારણ કરીને તમારું ચિત્ત નિરાકુળ કરો. આ પૃથ્વી કેવડીક મોટી છે!!—પૃથ્વીમાં જ્યાં હશે ત્યાંથી ગમે તેમ કરીને આપણે એને શોધી કાઢીશું.

કુમારે કહ્યું—હે મિત્ર! તમે તો આદિત્યપુર મારા પિતા પાસે જાઓ, અને સકલ વૃત્તાંત જણાવીને તેમને કહેજો કે જો મને મારી પ્રિયા નહીં મળે તો હું જીવી નહિ શકું! હું પૃથ્વીમાં ચારે કોર તપાસ કરું છું ને તમે પણ બંદોબસ્ત કરો.

કુંવરની આજ્ઞા પ્રમાણે પ્રહસ્ત મિત્ર તો આદિત્યપુર તરફ વિદાય થયો....અને આ બાજુ પવનકુમાર એકલો અંબરગોચર નામના હાથી ઉપર ચઢીને અંજનીને શોધવા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પૃથ્વી ઉપર વન-જંગલમાં ચારેકોર વિચરવા લાગ્યો. એના મનમાં અનેક પ્રકારની ચિંતાઓ થવા લાગી કે : અરે, એ કોમળ શરીરવાળી અંજની શોકના સંતાપથી ક્યાં ગઈ હશે! સદાય મારું જ ધ્યાન તેના હૃદયમાં હતું. એ બિચારી વિરહના તાપથી જલતી આ વિષમ વનમાં કઈ તરફ ગઈ હશે! એ સત્ય બોલનારી, નિષ્કપટ, ધર્મને ધારણ કરનારી અને ગર્ભના ભાર સહિત, કદાચિત એની વસંતમાલા સખીથી વિખૂટી પડી ગઈ હશે!! એ પતિવ્રતા, શ્રાવિકાના વ્રત પાળનારી રાજકુમારી શોકને લીધે આંધળી તો નહિ થઈ ગઈ હોય ને! અથવા વિકટ વનમાં ભૂખી-તરસી ભટકતી કોઈ અજગર ભરેલા ઊંડા કૂવામાં તો નહિ પડી હોય ને! અથવા દુષ્ટ પશુઓના ભયંકર અવાજ સાંભળીને એ નિર્દોષ ગર્ભવતીના પ્રાણ તો નહિ છૂટી ગયા હોય! પવનકુમાર વનમાં આમતેમ ઘૂમતો ચિંતા કરે છે :—મને પ્રાણથી પણ અધિક વહાલી અંજની આ ઘોર અરણ્યમાં પાણી વગર ગળું રૂંધાવાથી પ્રાણરહિત થઈ ગઈ હશે? કદાચિત્ ગંગા નદી ઊતરતાં એ ભોળી રાજબાળા પાણીમાં તણાઈ ગઈ હશે! અથવા કાંટાઓથી તેના કોમળ ચરણ વિંધાઈ ગયા હશે તેથી તેનામાં એક પગલુંય ચાલવાની તકાત નહિ હોય! કોણ જાણે શું દશા થઈ હશે? કદાચિત્ અતિદુઃખને લીધે ગર્ભપાત થઈ ગયો હશે ને તેથી તે જિનધર્મને સેવનારી સતી મહા વિરક્તભાવથી અર્જિકા થઈ ગઈ હશે!

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦






—એ પ્રમાણે ચિંતવન કરતો કરતો કરતો પવનકુમાર વન-જંગલોમાં ફરે છે. ફરતાં-ફરતાં તે જ ગૂફાની પાસે આવ્યો કે જેમાં અંજની રહેતી હતી. કુમારે ગૂફામાં જઈને જોયું તો મુનિસુવ્રતનાથ ભગવાનની પ્રતિમા દીઠી....એને જોતાં જ કુમારને વિસ્મય થયું....ભક્તિપૂર્વક જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને સ્તુતિ કરવા લાગ્યો : હે વીતરાગ જિનેન્દ્રદેવ! આપના ચરણકમળમાં મારા નમસ્કાર છે...હે નાથ! આપ સુખી છો, આપ જ જગતના જીવોને શરણભૂત છો. હે સર્વજ્ઞપિતા! આ સંસારમાં સંયોગ-વિયોગથી આકુળ થયેલા જીવો, હૃદયમાં આપનું ધ્યાન ધરતાં પરમ શાંતિ પામે છે....એમ સ્તુતિ કરીને ગૂફામાં બેસીને ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો.

થોડીવારે ગૂફામાંથી બહાર આવીને વિચાર કરવા લાગ્યો કે અહીં આ પ્રતિમા ક્યાંથી?—આ ગૂફામાં આ કોણે સ્થાપી હશે? અંજની તો અહીં રહેતી નહિ હોય! જરૂર તે અહીં જ રહી હશે....એ જિનેન્દ્રભગવાનની પરમ ભક્ત,—તેણે જ દર્શન-પૂજન માટે આ જિનપ્રતિમા અહીં સ્થાપી હશે. અહો! ગમે તેવા સંકટમાં પણ જિનેન્દ્રદેવને કેમ ભૂલાય!!—

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આમ વિચારતો કુમાર ગુફામાં તેમજ આસપાસમાં અંજનીને શોધવા લાગ્યો.... મોટા અવાજે એના નામનો સાદ પાડવા લાગ્યો....પણ ક્યાંય અંજનીનો પત્તો ન લાગ્યો.

પર્વતમાં અને વન-જંગલમાં ફરી ફરીને પવનકુમારે તપાસ કરી પણ ક્યાંય પોતાની પ્રાણવલ્લભાને ન દેખી તેથી નિરાશ થઈને તે વિરહથી પિડાવા લાગ્યો, આખું જગત એને શૂન્ય જેવું લાગ્યું ને હવે તો મરણનો જ નિશ્ચય કર્યો. ન પર્વતમાં કે ન ગૂફામાં, ન મનોહર વૃક્ષમાં કે ન નદીકિનારે,— ક્યાંય પણ પોતાની પ્રાણપ્રિયા વગર એના મનમાં ચેન નથી પડતું. મોહથી ભાન ભૂલીને પોતાની સ્ત્રીની વાત ઝાડને પૂછે છે કે ક્યાંય મારી પ્રિયાને દીઠી! પર્વતને પણ પૂછે છે કે અરે પર્વત! તારી કોઈ ગૂફામાં તેં મારી અંજનીને સંતાડી છે !!— એ પ્રમાણે ભમતાં ભમતાં ભૂતરુવર નામના વનમાં આવ્યો. ત્યાં આવીને હાથી ઉપરથી ઊતર્યો અને જેમ મુનિઓ આત્માનું ધ્યાન કરે તેમ તે પોતાની પ્રિયાનું ધ્યાન કરવા લાગ્યો.



હથિયાર અને બખ્તર જમીન ઉપર નાંખી દીધાં અને હાથીને કહેવા લાગ્યો : હે ગજરાજ! હવે તમે આ વનમાં સ્વચ્છંદપણે વિચરો.

હાથી વિનયપૂર્વક પાસે ઊભો છે તેને સંબોધીને કુમાર કહે છે : હે ગજેન્દ્ર ! આ નદીકિનારે મોટું વન છે તેમાં ચારો ચરજો ને ત્યાં હાથણીઓનવું ટોળું છે તેના નાયક થઈને વિચરજો.

—પરંતુ તે હાથી તો કૃતજ્ઞ હતો, સ્વામી પ્રત્યે તેને ઘણો સ્નેહ હતો, તેથી જેમ ભલો ભાઈ પોતાના ભાઈનો સંગ ન છોડે તેમ તેણે કુંવરનો સંગ ન છોડ્યો. તે પણ ઉદાસચિત્તે કુંવરની પાસે જ રહ્યો.

કુમાર અતિ શોકવંત છે, પ્રિયામાં જ તેનું મન લાગેલું છે, તેથી તે એવો વિકલ્પ કરે છે કે મારી અત્યંત પ્રિય અંજની જો નહિ મળે તો હું આ વનમાં જ પ્રાણત્યાગ કરીશ. આમ વનમાં બેઠોબેઠો અનેક પ્રકારના વિકલ્પોની વ્યાકુળતાથી પવનકુમાર રાત્રિ વીતાવી રહ્યો છે. પવનકુમાર અંજનાના ધ્યાનમાં એવો લયલીન થયો,—શાસ્ત્રકાર કહે છે કે તેણે જેવું અંજનીનું ધ્યાન કર્યું તેવું જો મુક્તિનું ધ્યાન કર્યું હોત તો તત્ક્ષણ મુક્તિ પામ્યો હોત !

# ૬ : પવન અને અંજનાનું મિલન

આ તરફ કુમારથી જુદો પડીને તેનો મિત્ર પ્રહસ્ત પિતા પાસે ગયો અને તેને સર્વ વૃત્તાંત કહ્યો. એ સાંભળતાં પિતાને શોક થયો, બીજા બધાને પણ શોક થયો. કુંવરની માતા રાણી કેતુમતી પુત્રના શોકમાં અત્યંત પીડિત થઈને રોતી-રોતી પ્રહસ્તને કહેવા લાગી કે અરે પ્રહસ્ત! તું મારા પુત્રને એકલો છોડીને આવ્યો તે ઠીક ન કર્યું.

પ્રહસ્તે કહ્યું—કુમારે મને અત્યંત આગ્રહ કરીને આપની પાસે મોકલ્યો તેથી હું આવ્યો, હવે હું પાછો ત્યાં જઈશ.

માતાએ પૂછ્યું કે તે ક્યાં છે?

પ્રહસ્તે કહ્યું : જ્યાં અંજની હોય ત્યાં એ હશે.

માતાએ પૂછ્યું : અંજની ક્યાં છે?

પ્રહસ્તે કહ્યું કે તે હું નથી જાણતો. હે માતા! જે વિચાર્યા વગર ઉતાવળથી કામ કરે છે તે પસ્તાય છે. આપના પુત્રે એવો નિશ્ચય કર્યો છે કે જો હું પ્રિયાને ન દેખું તો પ્રાણત્યાગ કરું.

એ સાંભળતાં માતા તેમજ અંતઃપુરની બધી સ્ત્રીઓ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



રુદન કરવા લાગી; માતા અત્યંત વિલાપ કરે છે કે હાય! મેં પાપિણીએ શું કર્યું? અરે! મેં મહાસતી ઉપર કલંક લગાડ્યું, તેથી મારા પુત્રના જીવનનો સંદેહ છે. હું ક્રૂરભાવને ધરનારી, મહાવક્ર અને મંદભાગિની, મેં વગર વિચાર્યે કામ કર્યું. આ નગર, આ કુળ, આ વિજયાર્દ્ધ પર્વત ને આ રાવણનું લશ્કર– એ કંઈ પણ પવનંજય વગર શોભતું નથી. મારા પુત્ર સમાન બીજું કોણ છે કે જેણે રાવણથી પણ અસાધ્ય એવા વરુણરાજાને ક્ષણમાત્રમાં પકડી લીધો. હા વત્સ! દેવ-ગુરુની પૂજામાં તત્પર, વિનયવંત, તું ક્યાં ગયો? તારા દુઃખથી હું તપ્તાયમાન છું, હે પુત્ર! તું આવીને મારી સાથે વાત કર ને મારા શોકને દૂર કર–એમ વિલાપ કરતી તે માથું કૂટવા લાગી.

કેતુમતીના આવા વિલાપથી આખા કુટુંબને શોક થયો. પ્રહલાદ પણ અશ્રુપાત કરવા લાગ્યો. છેવટે રાજા પ્રહ્લાદ બધા પરિવારને સાથે લઈને, પ્રહસ્તની આગેવાનીમાં પુત્રને શોધવા નીકળ્યો; બંને શ્રેણીના બધા વિદ્યાધરોને પણ પ્રીતિથી બોલાવી સાથે લીધા. બધા આકાશમાર્ગે કુંવરને શોધે છે. પૃથ્વીમાં પણ તપાસ કરે છે, ગંભીર વન અને જંગલમાં જુએ છે, પર્વતો અને ગુફાઓ પણ તપાસે છે.

પ્રહ્લાદનો એક દૂત રાજા પ્રતિસૂર્ય પાસે ગયો ને બધી વાત કરી; તે સાંભળતાં તેને મહા શોક થયો, અને અંજનીએ એ વાત સાંભળીને પહેલાં કરતાં પણ વધારે દુઃખ પામી. આંખમાં આંસુની ધારા વરસવા લાગી ને રુદન કરવા લાગી કે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

હા નાથ ! મારા પ્રાણના આધાર ! મારામાં તમારું ચિત્ત લાગેલું છે, તો જન્મદુઃખિયારીને છોડીને તમે ક્યાં ગયા ? આવો શું કોપ થયો કે બધા વિદ્યાધરોથી અદૃશ્ય થઈ ગયા ! એકવાર આવીને અમૃત વચન બોલો. આટલા દિવસ તો આપના દર્શનની ઈચ્છાથી પ્રાણ ટકાવી રાખ્યા, હવે જો તમારા દર્શન નહિ થાય તો આ પ્રાણ મારે શું કરવાના ? મારો મનોરથ હતો કે હવે તો નાથનો સમાગમ થશે, પણ મારો એ મનોરથ તૂટી પડ્યો. અરેરે ! આ મંદભાગિનીને કારણે આપ કષ્ટ પામ્યા, આપની કષ્ટની વાત સાંભળતાં મારા પ્રાણ કેમ નથી છૂટી જાતા ?

અંજનીને આમ વિલાપ કરતી દેખીને સખી વસંતમાલા કહેવા લાગી—હે દેવી ! આવાં વચન ન બોલ. તું ધૈર્ય રાખ, તને તારા સ્વામીનો મિલાપ જરૂર થશે. પ્રતિસૂર્ય રાજાએ પણ તેને ઘણો દિલાસો આપ્યો ને કહ્યું કે હે પુત્રી ! હું તારા પતિને તરત જ શોધી લાવું છું—આમ કહીને મનથી પણ ઉતાવળા વિમાનમાં બેસીને આકાશમાર્ગે ચાલ્યો, ને પૃથ્વી ઉપર ઉતરીને ચારેકોર શોધવા લાગ્યો. રાજા પ્રતિસૂર્યની સાથે બંને શ્રેણીના વિદ્યાધરો તેમજ લંકાના લોકો પણ યત્નપૂર્વક શોધ કરી રહ્યા છે. બધે તપાસ કરતાં કરતાં ભૂતરુવનમાં આવ્યા અને ત્યાં અંબરગોચર હાથીને દેખ્યો. હાથીને જોતાં જ સર્વ વિદ્યાધરોને પ્રસન્નતા થઈ કે જ્યાં આ હાથી છે ત્યાં પવનકુમાર હશે, કેમકે પૂર્વે અનેકવાર અમે પવનકુમારને આ

ગજરાજની સાથે દેખ્યો છે. વિદ્યાધરો જ્યારે આ અંજનગિરિ જેવા હાથીની સમીપ આવ્યા ત્યારે તેને નિરંકુશ દેખીને તેનાથી ડર્યા. અને હાથી પણ વિદ્યાધરોના લશ્કરનો કોલાહલ સાંભળીને મહા ક્ષોભ પામ્યો, તેના કપાળમાંથી મદ ઝરવા લાગ્યો, તે ગાજવા લાગ્યો ને મહા વેગથી કુંવરની આસપાસ આમથી તેમ ઘૂમવા લાગ્યો. જે તરફ હાથી દોડે તે દિશામાંથી વિદ્યાધરો હટી જાય. સ્વામીની રક્ષા કરવામાં તત્પર એવો તે હાથી સૂંઢમાં તલવાર પકડીને કુંવરની પાસે જ ઊભો છે, કુંવરની સમીપતા છોડીને આઘો ખસતો નથી. તેના ત્રાસને લીધે વિદ્યાધરો નજીક આવી શકતા નથી. છેવટે વિદ્યાધરોએ હાથિણીઓ દ્વારા સ્નેહપૂર્વક તેને વશ કર્યો. અને બધા નજીક આવીને કુંવરને દેખવા લાગ્યા : કુંવર તો મૌનથી બેઠો છે—જાણે કાષ્ટનું પૂતળું !! વિદ્યાધરોએ અનેક ઉપાય કર્યા, પણ આ તો ચિંતામાં મગ્ન મૌન છે,—જેમ ધ્યાનમગ્ન મુનિ કોઈ સાથે ન બોલે તેમ આ પણ કોઈ સાથે બોલતો નથી. પવનંજયના માતા-પિતા આંસુ સારતા તેનું મસ્તક ચૂમીને, અને તેને છાતીએ લગાડીને કહેવા લાગ્યા—હે પુત્ર ! હે વિનયવાન ! તું અમને છોડીને અહીં ક્યાં આવ્યો ? રાજમહેલમાં રહેનારા તેં આ ઘોર વનમાં રાત કેવી રીતે વીતાવી ? હે પુત્ર ! તું કેમ બોલતો નથી ?—એમ ઘણું કહ્યું તોપણ તે ન બોલ્યો. ત્યારે 'આણે મૌનવ્રત ધારીને હવે મરણનો જ નિશ્ચય કર્યો છે'—એમ સમજીને બધા વિદ્યાધરો શોક પામ્યા, ને પિતા સહિત બધા વિલાપ કરવા લાગ્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એવામાં રાજા પ્રતિસૂર્ય—અંજનીના મામા—નજીક આવીને બધાને કહેવા લાગ્યા કે શાંત થાઓ, હું વાયુકુમારની સાથે વાર્તાલાપ કરું છું.—આમ કહીને પવનકુમારને ભેટીને તેના કાનમાં કહેવા લાગ્યા—હે કુમાર, સાંભળો! હું તમને અંજનીનો વૃત્તાંત કહું છું : સંધ્યાભ્ર નામના સુંદર પર્વત ઉપર અનંગવિજય નામના મુનિરાજને કેવળજ્ઞાન થતાં ઈન્દ્રાદિક દેવો તેમના દર્શને આવ્યા હતા અને હું પણ ત્યાં ગયો હતો. કેવળીભગવાનની વંદના કરીને પાછા ફરતાં જ્યારે મારું વિમાન એક પર્વતની ગૂફા ઉપર આવ્યું ત્યારે ગૂફામાંથી કોઈ સ્ત્રીના રુદનનો અવાજ સાંભળ્યો; ગૂફામાં જઈને જોયું તો અંજની દેખી. મેં તેના વનવાસનું કારણ પૂછ્યું ત્યારે તેની સખી વસંતમાળાએ બધી વાત કરી. અંજની શોકમગ્ન થઈને રુદન કરતી હતી. તેને મેં ધૈર્ય બંધાવ્યું, એ ગૂફામાં એના પુત્રનો જન્મ થયો હતો. તે પુત્રની કાંતિને લીધે ગૂફા જાણે કે સોનાની બનેલી હોય—એવી પ્રકાશરૂપ થઈ ગઈ હતી.....

આ વાત સાંભળતાં જ એકદમ હર્ષિત થઈને પવનકુમાર પૂછવા લાગ્યો—અંજની ક્યાં છે? બાળક તો સુખમાં છે ને?

પ્રતિસૂર્યે કહ્યું : અંજનીને તેના બાળક સહિત વિમાનમાં બેસાડીને હું મારા રાજ્યમાં—હનુરુહ દ્વીપે લઈ જતો હતો, ત્યાં માર્ગમાં તે બાળક વિમાનમાંથી એકાએક ઊછળીને એક શિલા ઉપર પડ્યો.....

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



બાળક પડી જવાની વાત સાંભળતાં જ 'હાય! હાય!' એવા ઉદ્‌ગાર પવનકુમારના મુખમાંથી નીકળી પડ્યા.

ત્યારે પ્રતિસૂર્ય કહેવા લાગ્યો—અરે કુમાર! સોચ ન કરો; ત્યારપછી જે વૃત્તાંત થયો તે સાંભળો,–જેથી તમારા સર્વે દુઃખની નિવૃત્તિ થશે....બાળક પડી જતાં જ મેં વિમાનમાંથી નીચે ઊતરીને જોયું,–તો શું દેખ્યું! આશ્ચર્યની સાથે મેં જોયું કે પર્વતના ખંડખંડ થઈ ગયા છે, તે બાળક એક શિલા ઉપર પડ્યો પડ્યો ખેલી રહ્યો છે, એના તેજથી દિશાઓ ઝગઝગી રહી છે. ત્યારે મેં એ ચરમશરીરી બાળકને ત્રણ પ્રદક્ષિણા દઈને નમસ્કાર કર્યા; તેની માતા પણ ઘણું વિસ્મય પામી, ને તેનું નામ શ્રી શૈલકુમાર રાખ્યું. વસંતમાલા સખી તેમજ પુત્ર સહિત અંજનીને હું હનુરુહ દ્વીપ લઈ ગયો; ત્યાં પુત્ર જન્મનો ઉત્સવ કર્યો, તેથી તે બાળકનું બીજું નામ 'હનુમાન' પણ પ્રસિદ્ધ થયું. એ પતિવ્રતા અંજની, તેની સખી અને પુત્ર સહિત અમારા નગરમાં આનંદથી બિરાજે છે.

આ બધો વૃત્તાંત સાંભળીને પવનકુમારને પ્રસન્નતા થઈ, અને તત્કાળ અંજનીનું અવલોકન કરવા માટે હનુરુહ દ્વીપ તરફ ચાલ્યા. પ્રતિસૂર્ય રાજાએ બધાનું સ્વાગત કર્યું. જ્યારે કુંવર અંજની પાસે ગયો ત્યારે અંજનીએ લજ્જાપૂર્વક હનુમાનને તેડીને તેના હાથમાં સોંપ્યો....અને મુક્તિના દૂત સમા એ ચરમશરીરી પુત્રને નીહાળતાં માતા અંજની અને પિતા પવન–એ બંને પોતાનું જીવનદુઃખ ભૂલી ગયા. ને ઘણા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દિવસે ફરી મિલન થતાં બંનેને હર્ષ થયો.

પ્રતિસૂર્ય રાજાએ વિદ્યાધરોને તો બે મહિના સુધી ઘણા આદરપૂર્વક રાખ્યા, પછી સૌ પોતપોતાના સ્થાનકે વિદાય થયા; પવનકુમારને આગ્રહ કરીને ત્યાં જ રોક્યો. હનુમાન હનુરુહ દ્વીપમાં દેવની જેમ રમે છે ને આનંદભરી ચેષ્ટા કરે છે તેની ચેષ્ટા જોઈને માતા-પિતાને આનંદ થાય છે. એમ કરતાં કરતાં હનુમાન નવયૌવનદશા પામ્યા. કામદેવ હોવાથી તેનું અદ્‌ભુત રૂપ છે, મહા બળવાન છે, અતિશય બુદ્ધિમાન છે, અનેક મહાન વિદ્યાઓ તેને સિદ્ધ થઈ છે, રત્નત્રયધર્મની પરમ પ્રીતિ છે અને સર્વ શાસ્ત્રોના અભ્યાસમાં પ્રવીણ છે, તથા દેવ-ગુરુ-ધર્મની ઉપાસનામાં સદા તત્પર છે.

શ્રી હનુમાનના જન્મની, તથા પવનંજય અને અંજનીના મિલાપની કથા અહીં પૂરી થાય છે. અંતમાં શાસ્ત્રકાર કહે છે કે—શ્રી હનુમાનના જન્મનું વર્ણન તથા પવનંજય-અંજનીના મિલાપની આ અદ્‌ભુત કથા અનેક રસથી ભરેલી છે; જે જીવ ભાવ ધરીને આ કથા સાંભળશે-સંભળાવશે, વાંચશે-વંચાવશે, તેને ધર્મમાં દૃઢતા થશે અને વૈરાગ્યની વૃદ્ધિ થશે; તેને અશુભ કર્મોથી નિવૃત્તિ થશે ને શુભકાર્યોમાં પ્રવૃત્તિ થશે; તથા અનુક્રમે તેને ધર્મની વૃદ્ધિ થતાં થતાં જગતમાં દુર્લભ એવા સ્વર્ગ-મોક્ષના સુખની પ્રાપ્તિ થશે.


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.